લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬


## કડીમાં ચોરોએ એમ્બ્યુલન્સની ચોરી કરી એમ્બ્યુલન્સે પલટી ખાતા ચોરો ફરાર

। પ્રતિનિધિ, કડી, તા.૩૦ ।

મહેસાણામાં કડી ફાયર સ્ટેશનમાં આવેલી નવી એમ્બ્યુલન્સની ચોરી થતા ખળભળાટ મચી ગયો છે. ૨૪ કલાક હાજર સ્ટાફની વચ્ચે એમ્બ્યુલન્સ ચોરાઈ જતા હોસ્પિટલમાં સુરક્ષા અંગે સવાલો પેદા થયા છે. કડી પોલીસે અજાણ્યા ચોરો વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે અને તપાસ ઝડપી કરી છે.મહેસાણામાં કડી તાલુકામાં વિસલપુર-આદુંદરા કેનાલ પર કડી ફાયર સ્ટેશનમાં આવેલી નવી એમ્બ્યુલન્સે પલટી ખાતા ચોરો ફરાર થયા હતા. દર્દીઓને સારવાર અર્થે લઈ જતી એમ્બ્યુલન્સને ચોર સ્ટાફની હાજરીમાં ચોરી કરી ભાગતા લોકોમાં સુરક્ષા અંગે પ્રશ્નો થવા લાગ્યા છે. તો ચોરી કરી ભાગતા ચોરે એમ્બ્યુલન્સ સહિત પલટી ખાધી હતી અને ચોરો રસ્તે મૂકી ભાગતા થયા હતા. ૨૪ કલાક સ્ટાફની હાજરીમાં ચોરોએ ચોરી કરતા બેદરકારી પણ સામે આવી છે.અગાઉ હિંમતનગર સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાંથી મફત સેવા આપતી એમ્બ્યુલન્સની ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી.

## ભાવનગરના કુંભારવાડાના ખાર વિસ્તારમાંથી આધેડનો મૃતદેહ મળી આવ્યો

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૩૦ ।

ભાવનગરના કુંભારવાડાના ખાર વિસ્તારમાંથી આધેડનો મૃતદેહ મળી આવ્યો છે. આ અંગે જાણ કરવામાં આવતા પોલીસ અને ફાયર વિભાગ દોડી આવ્યો હતો. આધેડના મૃતદેહને બહાર કાઢીને તેની ઓળખ કરવામાં આવી હતી. મૃતક આધેડ બકુલભાઈ મકાભાઈ મકવાણાનો હોવાનું સામે આવ્યું હતું. બોળતલાવ પોલીસે મૃતદેહને બહાર કાઢીને તપાસ આદરી છે. પોલીસ આ મૃતદેહની ઓળખ સુનિશ્ચિત થયા પછી હવે તેને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. તેના પરથી કમસેકમ આ વ્યક્તિની હત્યા થઈ છે કે તેણે તળાવમાં કૂદીને આત્મહત્યા કરી છે તેનો ખ્યાલ આવશે. આ સિવાય તેની હત્યા કરીને તેની લાશ તળામાં ફેંકી દેવાઈ છે તે પણ સુનિશ્ચિત થશે. આ ઉપરાંત મરનાર તેમાં અકસ્માતે પડી ગયો છે તે પણ સુનિશ્ચિત થશે. પોલીસે તેની સાથે મૃતકનો મોબાઈલ પણ કબ્જે કર્યો છે.

### માયાજાળમાં ૬૨ શિક્ષકોનું રોકાણ હોવાનું સામે આવ્યું

# બીઝેડ ગ્રૂપના કૌભાંડમાં સીઆઇડી ક્રાઈમની તપાસમાં ૬૨ શિક્ષકોના નામ ખુલતા ખળભળાટ

### ભુપેન્દ્ર ઝાલાના રિમાન્ડ દરમિયાન શિક્ષકોના મોટાપાયે રોકાણનો થયો ખુલાસો થયો

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૩૦ ।

બીઝેડ ગ્રૂપના કૌભાંડની તપાસ જેમ જેમ આગળ વધી રહી છે તેમ તેમ નવા ખુલાસા થઈ રહ્યા છે. જેમાં વધુ એક કૌભાંડનો ખુલાસો થયો છે. જેમા ૬૨ શિક્ષકોના નામ સીઆઈડી ક્રાઈમની તપાસમાં ખૂલ્યાં છે સાથે સાથે ૬૨ શિક્ષકોના નામ ખૂલતા શિક્ષણ વિભાગ હડકંપ આવ્યો છે,માયાજાળમાં ૬૨ શિક્ષકોનું રોકાણ હોવાનું સામે આવ્યું છે સાથે સાથે ઝાલાની વિવિધ સ્કીમમાં શિક્ષકોએ પણ રોકાણ કરાવ્યું હોવાની માહિતી સીઆઈડી ક્રાઈમને મળી છે,ઝાલાની પૂછપરછમાં શિક્ષકોના મોટાપાયે રોકાણનો ખુલાસો થયો હોવાની વાત સામે આવી છે જેમા રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પણ ચાલી રહી છે તપાસ.હવે સીઆઈડી ક્રાઈમની તપાસમાં ૬૨ શિક્ષકોના






નામ ખુલતા શિક્ષણ વિભાગ હડકંપ જેવી સ્થિતિનું નિર્માણ થયું છે,મહાઠગની માયાજાળમાં ૬૨ શિક્ષકોનું રોકાણ હોવાનું સામે આવ્યું છે જેમાં સાબરકાંઠા સહિતના જિલ્લાઓમાંથી ૬૨ શિક્ષકો દ્વારા ભુપેન્દ્ર ઝાલા ની વિવિધ સ્કિમ અંતર્ગત રોકાણ કરવામાં આવ્યું છે.

ભુપેન્દ્ર ઝાલાના રિમાન્ડ દરમિયાન શિક્ષકોના મોટાપાયે રોકાણનો થયો ખુલાસો થયો છે.શિક્ષકો બધા પાસે રોકાણ કરાવતા હોવાની વાત સામે આવી છે. ભૂપેન્દ્રસિંહ ઝાલાની પૂછપરછમાં મોટા ખુલાસા થયા છે જેમાં ૭ બેંકોના ખાતાઓમાં નાણાંની હેરાફેરીની વિગતો ખુલી છે.બીઝેડમાં મોટું રોકાણ કરનાર અને રોકાણકારોના નામ ખૂલ્યાં છે.એક કરોડથી વધુ રકમના રોકાણકારોના નામ ખૂલ્યાં છે,આરોપી ભૂપેન્દ્રસિંહ મોટા રોકાણકારો સાથે ઘરોબો રાખતો હતો અને ભૂપેન્દ્રસિંહના મોબાઈલથી પોલીસને મળી શકે છે વધુ પૂરાવા તો પોલીસે ખાતાઓમાં જમા થયેલા નાણાં, વ્યવહારોની વિગતો મંગાઈ છે.રાજ્યમાં ૬૦૦૦ કરોડના કૌભાંડ બીઝેડ ગ્રૂપના સંચાલક ભૂપેન્દ્ર ઝાલાના સીઆઈડી ક્રાઈમે ૧૪ દિવસના રિમાન્ડ માંગ્યા હતા, જે સ્પેશ્યલ કોર્ટે ૭ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. સ્પેશ્યલ કોર્ટે શનિવાર સાંજ સુધીના રિમાન્ડ આપ્યા છે.બીઝેડ ગ્રૂપના સંચાલક ભૂપેન્દ્ર ઝાલાની ૬ હજાર કરોડના કૌભાંડ અંગે પૂછપરછ થશે. પૂછપરછમાં અનેક ખુલાસા બહાર આવે તેવી શક્યતા છે.રાજ્યમાં લોકોને વધુ વળતરની લાલચ આપીને પોંઝી સ્કીમોમાં રોકાણ કરાવી રૂ. ૬ હજાર કરોડનું મસમોટું કૌભાંડ આચરનાર બીઝેડ ગ્રૂપનાં માલિક ભૂપેન્દ્રસિંહ ઝાલાની ગઈકાલે ધરપકડ કરવામાં આવી હતી.

## નવા વર્ષની પાર્ટીમાં નબીરાઓને ઝડપવા પોલીસે બનાવ્યો એક્શન પ્લાન બનાવ્યો છે

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૩૦ ।

આવતીકાલે વર્ષ ૨૦૨૪ને વિદાય આપવા અને નવા વર્ષ એટલે કે ૨૦૨૫નું સ્વાગત કરવા માટે અમદાવાદમાં અનેક જગ્યાએ ઉજવણી થશે. ૩૧મી ડિસેમ્બરની ઉજવણી પહેલા અમદાવાદ પોલીસ સજ્જ થઈ ગઈ છે. આ દિવસે કોઈ અનિચ્છનીય ઘટના ન બને અને શહેરમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે અમદાવાદ પોલીસે પ્લાન બનાવી લીધો છે. અમદાવાદ પોલીસે છેલ્લા એક સપ્તાહથી શહેરમાં સઘન ચેકિંગ શરૂ કર્યું છે. અમદાવાદ શહેરમાં ૩૧મી ડિસેમ્બરની ઉજવણી શાંતિપૂર્ણ રીતે થાય તે માટે પોલીસે એક્શન પ્લાન તૈયાર કર્યો છે. ૩૧મી ડિસેમ્બરની રાત્રે અમદાવાદ શહેરમાં ૬ હજાર પોલીસ જવાનો રસ્તા પર હાજર રહેશે. શહેરના દરેક પોલીસ દીઠ બે વાહન ચેકિંગ પોઈન્ટ પર રહેશે. અમદાવાદમાં કુલ ૧૦૦ જેટલા ચેકિંગ પોઈન્ટ હસે. ૨૦૦૦થી વધુ બોડી વોર્ન કેમેરાથી સજ્જ પોલીસ રસ્તા પર રહેશે.૩૧મી ડિસેમ્બરની રાત્રે ઘણા લોકો રસ્તાઓ પર નશો કરીને નિકળતા હોય છે.

## બેટ દ્વારકામાં ભગવાનના દર્શન કરાવવા દલાલ પૈસા લૂંટતા હોવાનો વીડિયો વાયરલ

। પ્રતિનિધિ, દ્વારકા,તા.૩૦ ।

ગુજરાતમાં ફરી એકવાર વીઆઈપી દર્શન મામલે ચર્ચા ગરમાઈ છે. બેટ દ્વારકામાં ભગવાનના દર્શન કરાવવા દલાલ પૈસા લૂંટતા હોવાનો વીડિયો વાયરલ થયો છે. ભગવાનના વીઆઈપી દર્શન કરાવવા માટે જુદા-જુદા ભાવ દલાલો લગાવે છે ત્યારે કેટલાક ભક્તો શાંતિથી દર્શન કરવા માટે આ દલાલોનું સંપર્ક પણ કરતા હોય છે. ત્યારે શાંતિથી દર્શન કરવા માટે ૨૦૦થી ૨ હજાર રૂપિયા દલાલ ઉઘરાવે છે.વાયરલ થયેલા વીડિયોમાં જોઈ શકાય છે કે, ૬ વ્યકિતના ૧૨૦૦ રૂપિયા લઈ ભગવાનના દર્શન કરાવવાની વાત કરે છે. દલાલોને કરાણે સામાન્ય લોકોને દર્શન અગવડતા ભોગવવાનો વારો આવે છે. તો ભગવાનના દર્શનના નામે ધંધો કરતા લોકોને કારણે સામાન્ય લોકો સાથે અન્યાય થઈ રહ્યાનો પણ ગંભીર આક્ષેપ કરાયો છે.વીઆઈપી દર્શન કરાવતો દલાલ વીડિયો બોલી રહ્યાં છે.

## દરજીપુરામાં દરોડા । બુટલેગરે પથ્થરમારો કરતાં પીઆઇએ સ્વબચાવમાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યું

। પ્રતિનિધિ, વડોદરા, તા.૩૦ ।

વડોદરાના દરજીપુરા વિસ્તારમાં દરોડા પાડવા ગયેલી એસએમસીની ટીમ પર હુમલો થતાં પીઆઈએ બે રાઉન્ડ ફાયરિંગ કરવાની ફરજ પડી હતી. વહેલી સવારે દારૂના ચાલતા કટિંગ પર એસએમસીની ટીમ રેડ કરવા ગઈ તો બૂટલેગરોએ પથ્થરમારો શરૂ કરી દીધો હતો. આ હુમલામાં એસએમસીનાં વાહનો અને કેટલાક કર્મીઓને ઈજા થઈ હોવાની માહિતી મળી હતી. આ ઘટનામાં એસએમસીના પીઆઈએ સ્વબચાવમાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ મામલે એસએમસીએ ત્રણ આરોપીની ધરપકડ કરી છે, જ્યારે ૮ આરોપીને વોન્ટેડ જાહેર કર્યા છે. હાલ આ મામલે આગળની તપાસ હરણી પોલીસે હાથ ધરી છે.સ્ટેટ મોનિટરિંગ સેલને બાતમી મળી હતી કે વડોદરા શહેરના વડોદરા-મુંબઈ નેશનલ હાઈવે ઉપર આવેલા દરજીપુરા બ્રિજની સામે વી. ટ્રાન્સ કંપનીના ગોડાઉનની બાજુમાં આવેલા ખુલ્લા પાર્કિંગ પ્લોટમાં બૂટલેગર ઝુબેર શફીક મેમણ કન્ટેનરમાંથી નાની ગાડીઓમાં દારૂ ભરાવી કટિંગ કરી રહ્યો છે. આ પ્રકારની બાતમી મળતાં વહેલી સવારે ૪.૦૦થી ૫.૦૦ વાગ્યા વચ્ચે એસએમસીની ટીમે સ્થળે દરોડો પાડ્યો હતો. આ દરમિયાન બૂટલેગરોએ સ્ટેટ મોનિટરિંગની ટીમ ઉપર પથ્થરમારો કરતાં એસએમસીના પીઆઈ આર. જી. ખાટે બૂટલેગરની કન્ટેનર ગાડી ઉપર બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

### ૧ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો

# સરખેજ વિસ્તારમાં દરોડા, ૯ શકુનિઓને મુદ્દામાલ સાથે ઝડપ્યા, ચાર લોકો ફરાર

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૩૦ ।

અમદાવાદના સરખેજ વિસ્તારમાં પીસીબીએ દરોડા પાડતા ૯ શકુનિઓની અટકાયત કરી. સરખેજના રહેણાંક મકાનમાંથી જુગાર રમાતો હતો. પીસીબીને બાતમી મળતા રહેણાંક મકાન પર દરોડા પાડી શકુનિઓની અટકાયત કરી અને ૧ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો.મળતી માહિતી મુજબ શહેરના પોશ એરિયા કહેવાતા એવા સરખેજ વિસ્તારમાં જુગારીઓ બેફામ બન્યા. સરખેજમાં રહેણાંક મકાન જુગારનો અડ્ડો બન્યો. અત્યારે લોકો થર્ટી ફસ્ટની ઉજવણીની પૂરજોશમાં તૈયારી કરી રહ્યા છે. ત્યારે ગુંડાતત્વો બેફામ ના બને અને શહેરની શાંતિ ના ડહોળાય માટે વહીવટીતંત્ર દ્વારા પોલીસ સહિત અન્ય ટીમોને પણ કામે લગાડવામાં આવી છે. પીસીબી પણ શહેરમાં દારૂ તેમજ ડ્રગ્સ જેવા નશાકારક દ્રવ્યોનું વેચાણ થતું રોકવા પૂરતા પ્રયાસ કરતા તમામ સ્થાનો પર ચેકિંગ હાથ ધર્યું છે.શહેરના રહેણાંક મકાનને જુગારીઓ પોતાનો અડ્ડો બનાવ્યો.પીસીબીએ મળેલ બાતમીના આધારે આ રહેણાંક મકાનમાંથી જુગટું રમતા ૯ શકુનિઓની અટકાયત કરી. આ સાથે પોલીસે જુગારના અડ્ડા પરથી રૂ. ૧.૩૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો. પોલીસ રહેણાંક મકાન પર પંહોચી તેની જાણ થતાં જ ૪ આરોપીઓ ફરાર થઈ ગયા. દરોડા દરમિયાન ફરાર ૪ આરોપીને વોન્ટેડ જાહેર કરાયા.પોલીસે રાજ્યભરમાં દેશી દારૂના વેચાણની ગેરપ્રવૃત્તિ રોકાવા દરોડાની કાર્યવાહી હાથ ધરી છે. દરમ્યાન સાબરકાંઠામાંથી દેશી વિશાળ ભઠ્ઠી ઝડપી પાડતા ૧૧૭૨ લીટર જેટલો દેશી દારૂ જપ્ત કર્યો. ભઠ્ઠી પર દારુ ગાળતા બે શખ્સોની પોલીસે અટકાયત કરી. અમદાવાદના સરખેજ વિસ્તારમાં પીસીબીએ દરોડા પાડતા ૯ શકુનિઓની અટકાયત કરી. સરખેજના રહેણાંક મકાનમાંથી જુગાર રમાતો હતો. પીસીબીને બાતમી મળતા રહેણાંક મકાન પર દરોડા પાડી શકુનિઓની અટકાયત કરી અને ૧ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો.મળતી માહિતી મુજબ શહેરના પોશ એરિયા કહેવાતા એવા સરખેજ વિસ્તારમાં જુગારીઓ બેફામ બન્યા.




## ગુજરાત સરકારે જમીન રી-સરવેમાં ભૂલોને લઈને મહત્વનો નિર્ણય

# રાજ્યમાં ખેતીની જમીનના રેકોર્ડ રી-સરવે પ્રમોલગેશનની ક્ષતિઓ દૂર કરવા અરજી માટેની તારીખ લંબાવી છે

### ખેડૂત પ્રમાણપત્ર માંગે તો આવી જમીન બિનખેતી થયા બાદ એક વર્ષમાં ખેડૂત પ્રમાણપત્ર આપવાનું રહેશે

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૩૦ ।

ગુજરાત સરકારે જમીન રી-સરવેમાં ભૂલોને લઈને મહત્વનો નિર્ણય લીધો છે. જેમાં ભુલો દૂર કરવાની અરજી માટેનો સમય વધારવામાં આવ્યો છે. જમીનના રેકોર્ડ રી-સરવે પ્રમોલગેશનની ક્ષતિઓ માટે નિર્ણય લેવામાં આવ્યા છે,ક્ષતિ દૂર કરવા ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી અરજી કરી શકાશે ક્ષતિઓ દૂર કરવા માટે એક વર્ષનો સમય વધારાયો છે સાથે સાથે ખેડૂતોના ભારે વિરોધ બાદ સરકારે મુદત વધારી છે અને રી-સરવેની કામગીરીમાં અનેક પ્રકારની ભૂલો પણ સામે આવે છે.રાજ્યમાં ખેતીની જમીનના રેકોર્ડ રી-સરવે પ્રમોલગેશનની ક્ષતિઓ દૂર કરવા અરજી માટેની તારીખ લંબાવી છે જેમાં એક વર્ષ સુધીનો સમય વધારવામાં આવ્યો છે.હવે ૩૧/૧૨/૨૦૨૫ સુધીમાં ક્ષતિ દૂર કરવા માટેની અરજી કરી શકાશે તેમજ રાજ્યના ૩૩



જિલ્લામાં આ કામગીરી હાથ ધરાઈ છે જોકે આ મુદત દરમિયાન પણ સંપૂર્ણ ક્ષતિ જો સામે વાંધા અરજી કરવામાં રહી ગઈ હોય તો સરકારે તક આપી છે જેને લઈ રાજ્યના મહેસુલ વિભાગ દ્વારા આ પરિપત્ર કરાયો છે.ગુજરાતમાં વિકાસ અને ખેતીની જમીનમાં બિનખેતી-એનએ રૂપાંતરણ તેમજ જમીનમાંથી પૈકી અથવા તો હિસ્સાના વેચાણને તબક્કે પ્રોપર્ટીકાર્ડ ઝડપી જનરેટ થઈ શકે, દૂરસ્તી કમી જાસ્તી પ્રત્રક –કેજેપીની કાર્યવાહી થઈ શકે તેવા ઉદ્દેશ્યથી મહેસૂલ વિભાગે મહત્વનો નિર્ણય કર્યો છે.જમીનમાં હિસ્સા માપણીની અરજી 'અરજન્ટ' ગણી તેમાં ફી રિસિપ્ટ જનરેટ થયાથી ૨૧ દિવસમાં જ માપણી પૂર્ણ કરવા અથવા એવી અરજીનો નિકાલ કરવા આદેશ થયો છે.મહેસૂલ વિભાગના નાયબ સચિવ પ્રેરક પટેલની સહીથી પરિપત્રનો તમામ કલેક્ટર તેમજ જમીન માપણી દફતર અધિકારીઓને અમલ કરવા કહેવાયુ હતુ.જે ખેડૂતોની તમામ જમીન સંપાદિત થઈ ગઈ હોવા છતાં પ્રમાણપત્રના અભાવે બિન ખેડૂત બન્યા હોય તેવા ખેડૂતોના વિશાળ હિતમાં ખેડૂત પ્રમાણપત્ર મેળવવાની સુલભતા કરતી એક તક આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વધુ એક હિતકારી નિર્ણય કરીને તે અંગેનો ઠરાવ પ્રસિદ્ધ કરવાના દિશા નિર્દેશો આપ્યા છે. મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર તા.૦૧/૦૫/૧૯૬૦થી એટલે કે ગુજરાતના અલગ રાજ્ય તરીકેના સ્થાપના કાળથી વિવિધ પ્રોજેક્ટ્સમાં ખેડૂતોની તમામ જમીન સંપાદિત થઈ હોય અને જે તે સમયે ખેડૂત પ્રમાણપત્ર મેળવી ન શક્યા હોય તેવા ખેડૂતો રાજ્ય સરકાર દ્વારા આ ઠરાવ પ્રસિદ્ધ થયાના એક વર્ષમાં પ્રમાણપત્ર મેળવવા માટે સંબંધિત કલેક્ટર સમક્ષ અરજી કરી શકશે.

## હાલ પોલીસે આ અંગે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી

# કન્સ્ટ્રક્શન સાઈટના નવમાં માળેથી શ્રમિક પટકાયો । નીપજ્યું કરૂણ મોત

। રાજકોટ,તા.૩૦ ।

બે દિવસ પહેલા જ ભરૂચના દહેજમાં ગેસ ગળતરને કારણે ચાર શ્રમિકોના મોત નીપજ્યા હતા. જ્યારે હવે રાજકોટમાં કન્સ્ટ્રક્શન સાઈટના ૯માં માળેથી પટકાતા એક શ્રમિકનું મોત નીપજ્યાની કરુણ ઘટના સામે આવી છે. હાલ પોલીસે આ અંગે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, રાજકોટના ૧૫૦ ફૂટ રોડ પર એક જગ્યાએ બાંધકામ ચાલી રહ્યું હતું. જ્યાં કન્સ્ટ્રક્શન સાઈટ પર યુવાન નવમા માળેથી નીચે પટકાયો છે. યુવાન નીચે પટકાતા તેને ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં શ્રમિકનું મોત નીપજ્યું છે. ત્યાં કામ કરતા દેવેન્દ્ર ઉર્ફે રાકેશે જણાવ્યું કે, ''હું સૂતો હતો અને મારા ભાઈએ મને ઉઠાડ્યો અને કહ્યું કે, 'એને પગમાં વાગ્યું છે અને તેને દવાખાનામાં લઈ જવાનો છે.' જે બાદ ૧૦૮ને ફોન કરીને બોલાવીને અમે તાત્કાલિક સારવાર માટે લઈ ગયા હતા. દર્દીએ જ અમને કહ્યું કે, 'હું નવમા માળેથી હું પડ્યો છું. હું ત્યાં એકલો જ હતો અને નીચે પડ્યો છુ. મને દવાખાને લઈ જાવ.' જેથી અમે ગભરાઈ ગયા હતા એટલે તેને વધારે પૂછ્યું નથી પણ દવાખાને લઈ ગયા.''વિશાલકુમાર જાધવ, ''આ અકસ્માતે દુર્ઘટના સર્જાઈ હોય તેમ લાગી રહ્યું છે. કારણ કે રાત્રે બધા સૂતા જ હતા. મને ફોન આવ્યો એટલે હું સિવિલ હોસ્પિટલમાં ગયો હતો. આ સાઈટનું નામ માધવ હિલ છે. અહીં અમે તમામ પ્રકારની સેફ્ટી વાપરીએ છીએ. આ એક જસ્ટ અકસ્માત છે બીજું કાંઈ નથી.'' બે દિવસ પહેલા જ ભરૂચના દહેજમાં ગેસ ગળતરને કારણે ચાર શ્રમિકોના મોત નીપજ્યા હતા. જ્યારે હવે રાજકોટમાં કન્સ્ટ્રક્શન સાઈટના ૯માં માળેથી પટકાતા એક શ્રમિકનું મોત નીપજ્યાની કરુણ ઘટના સામે આવી છે. હાલ પોલીસે આ અંગે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, રાજકોટના ૧૫૦ ફૂટ રોડ પર એક જગ્યાએ બાંધકામ ચાલી રહ્યું હતું. જ્યાં કન્સ્ટ્રક્શન સાઈટ પર યુવાન નવમા માળેથી નીચે પટકાયો છે. યુવાન નીચે પટકાતા તેને ગંભીર ઈજા પહોંચી હતી.

## ક્રિકેટની પીચ પરથી ગેનીબેન ઠાકોરે, ગુજરાત સરકાર સામે ફટકાર્યા ચોગ્ગા છગ્ગા

। માહિતી બ્યુરો, અંબાજી, તા.૩૦ ।

બનાસકાંઠાના કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોર, આજે શક્તિપીઠ અંબાજી ખાતે માં અંબાના ભક્તિભાવપૂર્વક દર્શન પૂજા અર્ચન કર્યું હતું. માં અંબાના દર્શન કર્યા બાદ, ગેનીબેન ઠાકોરે પાંચ દિવસીય અંબા પ્રીમિયર લીગની ફાઈનલ મેચનો પ્રારંભ કરાવ્યો હતો.જીએમડીસી ક્રિકેટ મેદાન ખાતે ચાલી રહેલ અંબા પ્રીમિયર લીગ મેચના છેલ્લા દિવસે ગેનીબેન ઠાકોરે હાથમાં બેટ પકડીને બોલ ફટકારવાની સાથેસાથે ગુજરાત સરકારની નીતિને નિશાને લીધી હતી.ગેનીબેન ઠાકોરે કહ્યું કે, દેશભરમાં રમતગમત ક્ષેત્રે ગુજરાત અન્ય રાજ્યોની હરોળમાં પાછળ છે. જ્યાં બાળકોને પહેલા ધોરણથી જ રમતગમતનું જ્ઞાન મળવું જોઈએ ત્યાં ગુજરાતની મોટા ભાગની શાળાઓમાં વ્યાયામના શિક્ષકો નથી. આટલું જ નહીં શાળાઓમાં રમતગમતના મેદાનનો પણ અભાવ હોવાનું ગેનીબેને જણાવ્યું હતું.ગેનીબેન ઠાકોરે હાલની સરકાર સામે વાકપ્રહાર કરતા જણાવ્યું હતું કે, આજે જમીનો ઉદ્યોગકારોને ભલે આપી દેવાતી હોય પણ આવનારી પેઢીને ધ્યાનમાં રાખી, રમતગમત માટે મેદાન બનાવવા માટે પણ જમીનની ફાળવણી કરવી જોઈએ. બનાસકાંઠાના કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોર, આજે શક્તિપીઠ અંબાજી ખાતે માં અંબાના ભક્તિભાવપૂર્વક દર્શન પૂજા અર્ચન કર્યું હતું.







## તંત્રી લેખ..

# ટ્રેડ વોરથી ફાયદો થશે

અમેરિકા અને ચીન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી આર્થિક લડાઈ ચાલી રહી છે. જેના કારણે દુનિયાના દેશો હેરાન થયેલા છે. જાણકાર નિષ્ણાંતો અને આર્થિક પંડિતો સારી રીતે જાણે છે કે આ આર્થિક લડાઈનુ મુખ્ય કારણ રાજકીય છે. બંને દેશો વચ્ચે વિશ્વમાં પ્રભુત્વ જમાવવા માટેની એક પ્રકારની સ્પર્ધા છે. ભારત અથવા તો અન્ય કોઈ દેશ આને રોકવાની સ્થિતીમાં નથી. પરંતુ કેટલાક એવા ઉપાય છે જેના કારણે ભારત અમેરિકા અને ચીન વચ્ચે આર્થિક લડાઈનો લાભ લઈ શકે છે. વેપાર શરતોને વધારે ઉદાર બનાવીને ભારત જોરદાર રીતે લાભ ઉઠાવી શકે છે. જો અમેરિકા ચીનમાંથી આયાત કરવામાં આવતી ચીજો પર ડ્યુટીને લઈને મંજુરીની મહોર મારી દેશે તો અમેરિકી ગ્રાહકોને ચોક્કસપણે મોંઘવારીનો સામવો ચોક્કસપણે કરવો પડશે.પરંતુ આ પગલાના કારણે ચીન પર અનેક ગણી માઠી અસર થશે. સાથે સાથે જેઝટીઈ જેવી મોટી કંપનીઓ દેવાળુ ફુંકી શકે છે. હાલના સમયમાં સમગ્ર વિશ્વમાં ચાલી રહેલી સંરક્ષણવાદની લહેર ભારત માટે હાનિકારક છે. આના કારણે ભારતમાં રોકાણમાં બ્રેક વાગશે. મોંઘવારીમાં વધારો થશે અને ઈનોવેશનની ગતિ પણ ધીમી થઈ જશેય. ચીનની લોકપ્રિય ટેલિકોમ કંપની જેડટીઈ દ્વારા નવમી મેના દિવસે જાહેરાત કરવામાં આવી હતી કે અમેરિકી પ્રતિબંધ તેના પર અમલી થશે તો તે પોતાની ચીજોને રોકવા માટે મજબુર બની જશે. આ પહેલા અમેરિકાએ એક યાદી જાહેર કરીને ચીનમાંથી આયાત થનાર ૧૩૦૦ વસ્તુઓ પર ૨૫ ટકા ડ્યુટી વધારી દેવાની ઓફર કરી હતી. બંને મામલામાં ધમકી મળ્યા બાદ અમેરિકાની સરકારે નિર્ણયો હાલમાં ટાળી દીધા છે. એમ કહેવામાં આવે છે કે અમેરિકા-ચીન વેપાર મંત્રણા બાદ અમેરિકા દ્વારા કોઈ નવા પગલા લેવામાં આવનાર છે. બીજી બાજુ યુરોપિયન યુનિયને કહ્યુ છે કે જો અમેરિકા આયાત ડ્યુટી ઈયુ પર લગાવશે તો તે જડબાતોડ જવાબ આપશે. હવે ભારત સરકારની સામે અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલી આર્થિક લડાઈનો લાભ લેવાની તક રહેલી છે. સામાન્ય રીતે આ પ્રકારના યુદ્ધની વિશ્વ પર નકારાત્મક અસર થાય છે. જ્યારે અમેરિકાએ સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત પર ડ્યુટી લાગુ કરી હતી ત્યારે તે માત્ર ચીન પર નહીં બલ્કે અમેરિકાને નિકાસ કરનાર તમામ દેશો પર ડ્યુટી લાગુ થઈ ગઈ હતી. ભારતીય સ્ટીલ અમેરિકામાં ખુબ ઓછા પ્રમાણમાં નિકાસ થાય છે જેથી ભારત પર તેની કોઈ વધારે અસર સ્થાનિક બજારમાં થઈ ન હતી. પરંતુ મેક અમેરિકા ગ્રેટ અગેઈનના કારણે જો અમેરિકા ટેક્સટાઈળ અને દવા જેવી મહત્વપૂર્ણ ભારતીય ચીજો પર ડયુટી વધારી દેવાની શરૂઆત કરે છે તો અમારી અર્થવ્યવસ્થા પર તેની પ્રતિકુળ અસર થનાર છે. જ્યાં સુધી ચીન અને અમેરિકાની વાત છે તો જંગમાં બન્ને ઘાયલ થશે.

# બ્રેઇન ટ્યુમરના ઘણા પ્રકાર રહેલા છે

બ્રેઈન ટ્યુમરને લઈને સામાન્ય લોકો પાસે ઓછી માહિતી હોય છે. વારંવાર માથામાં દુખાવો રહે અને વારંવાર ગુસ્સો આવે તો તેની અવગણા કરવી જોઈએ નહીં. ૩-૧૫ વર્ષની વયમાં અને ૫૦ વર્ષથી વધુની વયમાં આ તકલીફ થવાનો ખતરો રહે છે. આંકડા દર્શાવે છે કે ૨૦ ટકા મામલા બાળકોમાં મસ્તિષ્કના કેન્સરના હોય છે. બાળકોમાં કોઈ પણ લક્ષણ દેખાય તો તરત જ તબીબને મળવાની સલા નિષ્ણાંતો આપે છે. વિટામિન-સી, ઈ અને કેની બનેલી ચીજો હમેંશા ફાયદો કરાવે છે. મોડી રાત સુધી ન જાગવા માટેની પણ તબીબો સલા આપે છે. સાથે સાથે જંક ફુડ અને ડબ્બામાં મળનાર ચીજોને ટાળવામાં આવે તે જરૂરી છે. તબીબો બ્રેઈન ટ્યુમરના સંબંધમાં વાત કરતા કહે છે કે દિમાગમાં અસામાન્ય કોશિકાના વધારાને બ્રેઈન ટ્યુમર કહેવામાં આવે છે. આના કેટલાક પ્રકારો રહે છે. પરંતુ કેન્સર વિનાના અને કેન્સર સાથેના ટ્યુમર જુદા જુદા પ્રકારના હોય છે. તેની આંશકા ત્રણ વર્ષથી લઈને ૧૫ વર્ષની વયના કિશોર અને ત્યારબાદ ૫૦ વર્ષથી ઉપરની વ્યક્તિમાં થવાનો ખતરો વધારે રહે છે. બાળકોમાં જેનેટિક મ્યુટેશન મુખ્ય કારણ તરીકે હોય છે. જે પરિવારમાં કોઈને પહેલાથી જ આ તકલીફ હોય છે તેમાં ખતરો વધારે રહે છે. બ્રેઈન ટ્યુમરના લક્ષણો જોવામાં આવે તો વહેલી સવારે ઉઠતાની સાથે જ માથામાં દુખાવો રહે છે. ઉલ્ટીઓ થાય છે. તેમાં કેટલીક વખત માઈગ્રેન જેવા લક્ષણ જોવા મળે છે. ઝુંકવા અને કસરત કરવાની સ્થિતીમાં વધારે તેજ દુખાવો થાય છે. કાનમાં હમેંશા કોઈ અવાજ સંભળાય છે. જોવામાં પરેશાની થાય છે. વારંવાર બેહાન થવાના લક્ષણ દેખાય છે. આંખોની નસમાં સોજા આવી જાયછે. બ્રેઈન ટ્યુમરના દર્દીની યાદશક્તિ પર માઠી અસર થાય છે. બ્રેઈન ટ્યુમરના પ્રકારના વાત કરવામાં આવે તો તેના કેટલાક પ્રકાર છે. જેમાં ગ્લિઓમાં, મેનિન્ગિઓમ, પિટ્યુટરી ટ્યુમરનો સમાવેશ થાય છે. ગ્લિઓમાં પ્રકારના ટ્યુમર ખુબ ખતરનાક હોય છે અને તે જીવલેણ હોય છે. મેનિન્ગિઓમ પ્રકારના ટ્યુમર મસ્તિષ્કની સપાટી પર થાય છે તેની સારવાર સરળ રીતે થઈ શકે છે. તેની સારવારના કેટલાક તબક્કા હોય છે. પ્રથમ તબક્કામાં બ્રેઈન ટ્યુમર કોશિકાના વિકાસની ગતિ ધીમી હોય છે. દિમાગથી શરીરના બીજા હિસ્સામાં તેનો ફેલાવો થતો નથી. સર્જરીથી અથા તો બીજી રીતે ટ્યુમરને દુર કરી શકાય છે. કિમો અને રેડિએશન થેરાપીની જરૂર પડતી નથી. તબક્કા-૨માં ટ્યુમરની કોશિકા શરીરના બીજા હિસ્સામાં ફેલાવવા લાગી જાય છે. મોટા ભાગના દર્દીની સારવાર કિમોથેરાપી મારફતે કરવામાં આવે છે. સમય પર સારવાર ન કરાવવાની સ્થિતીમાં સ્થિતી બગડી શકે છે.તબક્કા-૨માં ટ્યુમર અતિ ઝડપથી શરીરના બીજા હિસ્સામાં ફેલાઈ જાય છે. દિમાંગને શરીરના સંકેતો ઓળખવામાં પરેશાનીનો સામનો કરવો પડે છે. રેડિએશન અને કિમોથેરાપીથી સારવાર કરવામાં આવે છે. તબક્કા-૪માં ટ્યુમર પૂર્ણ રીતે વિકસિત થાય છે. જેથી શરીરને પૂર્ણ રીતે નુકસાન પહોંચાડવા લાગી જાય છે. ગંભીરતા ખુબ વધારે થઈ જાય છે. જેના કારણે સારવારમાં કિમો, રેડિએશન અને લેજર થેરાપીની પણ જરૂર પડે છે. ટ્યુમરની ઓળખ કરવામાં આવ્યા બાદ તબીબો બાળકની સ્થિતી જુએ છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

## ૮ જૂન,વિશ્વ મહાસાગર દિવસ...


**જુદા જુદા દિવસો વર્ષ દરમ્યાન દિવસો ઉજવાય છે પણ પૃથ્વી પર જ્યાં ત્રણ ભાગ પાણી છે એવા મહાસાગર નો પણ વિશેષ દિવસ ઉજવાય છે. હા, ૮ મી જૂને દર વર્ષે વિશ્વ મહાસાગર દિવસ ઉજવાય છે. આ દિવસ આપણને મહાસાગરનુ કેટલું વિશેષ મહત્વ છે તે સમજાવે છે.**

# મહાસાગરની ધારાઓ ૫૦ ટકા ઓક્સિજન પ્રદાન કરીને ગ્રહને ગરમ રાખે છે

**પૃથ્વી પર મોટા ભાગનું પાણી માણસ માટે પીવા લાયક નથી. તો બીજી બાજુ પૃથ્વીનો ૭૦ ટકા ભાગ મહાસાગરોથી ઢંકાયેલો છે. આ દિવસ તે સમજાવવા માટે છે કે માનવ જીવન મહાસાગરો સાથે કેટલી રીતે જોડાયેલ છે અને તેની મહાસાગરો પ્રત્યે જવાબદારી શું છે.**







જુદા જુદા દિવસો વર્ષ દરમ્યાન દિવસો ઉજવાય છે પણ પૃથ્વી પર જ્યાં ત્રણ ભાગ પાણી છે એવા મહાસાગર નો પણ વિશેષ દિવસ ઉજવાય છે. હા, ૮ મી જૂને દર વર્ષે વિશ્વ મહાસાગર દિવસ ઉજવાય છે. આ દિવસ આપણને મહાસાગરનુ કેટલું વિશેષ મહત્વ છે તે સમજાવે છે.

આપણી નંદનવન સમી પૃથ્વી પર જીવન માટે પાણીની ખૂબ મહત્વની ભૂમિકા છે. કોઈ પણ માણસનું જીવન પાણી વગર શક્ય નથી. પરંતુ આજની કડવી વાસ્તવિકતા એ છે કે પૃથ્વી પર મોટા ભાગનું પાણી માણસ માટે પીવા લાયક નથી. તો બીજી બાજુ પૃથ્વીનો ૭૦ ટકા ભાગ મહાસાગરોથી ઢંકાયેલો છે. આ દિવસ તે સમજાવવા માટે છે કે માનવ જીવન મહાસાગરો સાથે કેટલી રીતે જોડાયેલ છે અને તેની મહાસાગરો પ્રત્યે જવાબદારી શું છે.

પૃથ્વીના બે તૃતિયાંશ ભાગમાં પાણી હોવાછતાં અહીં શુદ્ધ પાણીનું પ્રમાણ ખૂબ જ ઓછુ છે.આજે પણ પાણીની તંગી અનેક દેશો અનુભવી રહ્યા છે. સમુદ્રથી ઘેરાયા હોવાને કારણે પૃથ્વીને વોટર પ્લેનેટ પણ કહેવામાં આવે છે. પરંતુ હવે તેનું અસ્તિત્વ જોખમમાં છે. તેને ધ્યાનમાં રાખતા મહાસાગરનું મહત્ત્વ, તેમાં વધી રહેલા પ્રદૂષણ, તેનું જોખમ અને સમુદ્રના સંરક્ષણ પ્રત્યે લોકોમાં જાગૃકતા ફેલાવવાના હેતુથી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે ૮ જૂને વિશ્વ મહાસાગર દિવસ એટલે કે વિશ્વ સમુદ્ર દિવસ મનાવવામાં આવે છે.

આમ, તો પૃથ્વી ૯૭ ટકા પાણી છે તે મહાસાગરોમાં જ છે, પરંતુ જે પાણી માણસ પોતાના ઉપયોગ માટે વાપરે છે તે નદીઓ કે જળાશયો દ્વારા આવે છે જે વરસાદ દ્વારા ભરાય છે. વરસાદનું આ પાણી મહાસાગરોમાં થયેલ બાષ્પીભવનની પ્રક્રિયા બાદ વાદળોનું સ્વરૂપ ધારણ કરે છે અને તેનાથી વરસાદ થાય છે. તો વિશ્વના અડધાથી વધુ ભાગના લોકોને ભોજન માટે માછલીઓ મળે છે. આ રીતે માનવ જીવન પણ મહાસાગરો પર ઘણી રીતે આધાર રાખે છે. તેવામાં મહાસાગરોને સાફ રાખવાની જવાદારી પણ એટલી જ મહત્વની છે જેટલી કે વાયુમંડળને સાફ રાખવાની છે.

આપણા ગ્રહનો ત્રણ ચતુર્થાંશ ભાગ વિશ્વના મહાસાગરો દ્વારા કબજે કરવામાં આવ્યો છે, જે અસંખ્ય જીવંત પ્રાણીઓ માટે રહેઠાણ છે. પાણીની અંદરના રહેવાસીઓ ઉપરાંત, તેના સંસાધનો પણ લોકોને ખવડાવે છે. તે મહાસાગર છે જે પૃથ્વીને રહેવા યોગ્ય ગ્રહ બનાવે છે. તેમાં થતી પ્રક્રિયાઓ તમામ પ્રકૃતિનું અસ્તિત્વ નક્કી કરે છે.

વિશ્વ મહાસાગર વિશે તેના પાણી મોટા ભાગના ગ્રહ પર કબજો કરે છે અને ખંડો અને દ્વીપસમૂહ દ્વારા ચાર ભાગોમાં વહેંચાયેલા છે. પેસિફિક મહાસાગરને ઊંડાણ અને વિસ્તાર બંનેમાં સૌથી મોટો ગણવામાં આવે છે. તેમાં મારિયાના ટ્રેન્ચ છે, જે સમગ્ર મહાસાગરોમાં સૌથી ઊંડું સ્થાન છે. તેનું સૌથી ઊંડું બિંદુ - ચેલેન્જર એબિસ સમુદ્ર સપાટીથી લગભગ ૧૧ કિલોમીટરના અંતરે સ્થિત છે. અને અહીં પણ જીવંત જીવો છે જે તેમના દેખાવ અને વિવિધતા સાથે માનવ કલ્પનાને આશ્ચર્યચકિત કરે છે. મહાસાગરો ઘણા રહસ્યોથી ભરપૂર છે, અને આધુનિક તકનીકોના વિકાસને કારણે તેમાંથી માત્ર થોડા જ માણસ દ્વારા ઉકેલવામાં આવ્યા છે.

કેનેડા સરકારે વર્ષ ૧૯૯૨માં રિયો ડી જનેરિયોમાં આયોજિત પૃથ્વી સંમેલન દરમિયાન વિશ્વ મહાસાગર દિવસની સ્થાપનાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. ત્યારબાદ સંયુક્ત રાષ્ટ્રે ડિસેમ્બર વર્ષ ૨૦૦૮માં ૮ જૂનને વિશ્વ મહાસાગર દિવસને સત્તાવાર રીતે મનાવવાની માન્યતા આપી હતી. ત્યારથી દર વર્ષે ૮ જૂનને વિશ્વ મહાસાગર દિવસ મનાવવામાં આવે છે.

કેમ મનાવવામાં આવે છે આ દિવસ? :-

દર વર્ષે આ દિવસ મનાવવા પાછળનો હેતુ મહાસાગરના મહત્ત્વથી લોકોને વાકેફ કરાવવાનું છે કે કેવી રીતે મહાસાગર ખાદ્ય સુરક્ષા, જૈવ વિવિધતા, પરિસ્થિતિ સંતુલન જેવી ચીજવસ્તુઓમાં પોતાની મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. દેશોના વિકાસ સાથે જ મહાસાગરોનું પ્રદૂષણ પણ ઝડપથી વધી રહ્યું છે. મહાસાગરોમાં વધતા પ્લાસ્ટિક પ્રદૂષણના કારણે મહાસાગર ધીમે-ધીમે ગંદા થઈ રહ્યા છે. તેનાથી દરયાઈ જીવોના સ્વાસ્થ્ય પર પણ ખરાબ અસર પડે છે. તેઓ ભૂલથી પ્લાસ્ટિકને પોતાનું ભોજન સમજી લે છે જે તેમના માટે જીવલેણ સાબિત થઈ શકે છે. જે ખુબ જ દુખદ છે.

દુનિયાની લગભગ ૩૦ ટકા વસતી દરિયા કિનારાના વિસ્તારમાં રહે છે અને તેમનું જનજીવન સમગ્રપણે સમુદ્ર પર નિર્ભર છે. આ ઉપરાંત વિશ્વના કેટલાય દેશની અર્થવ્યવસ્થાને પણ વેગ પ્રદાન કરવામાં મહાસાગરનું મોટું યોગદાન હોય છે. વિશાળ મહાસાગરથી પેટ્રોલિયમની સાથે જે અનેક સંસાધનો પણ પ્રાપ્ત થાય છે. એક અંદાજ અનુસાર, લગભગ ૧૦ લાખ જીવોની પ્રજાતિઓનું ઘર સમુદ્ર જ છે.



## પોતાના નંબરની રાહ જોવામાં આવ્યા બાદ જ સફળતા હાંસલ થશે...

**દિન રાતની મહેનત અને અન્ય તમામ પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં કેટલાક લોકો સફળતા હાંસલ કરી શકતા નથી. સામાન્ય રીતે લોકોના મનમાં આવા જ પ્રશ્નો થતા રહે છે કે લાંબા સમય સુધી એક લક્ષ્યની પ્રાપ્તિ સુધી તમામ પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં અપેક્ષા મુજબની સફળતા મળી નથી**

# સફળતા માટે ઇન્તજાર કરવામાં આવે

**સફળતા હાંસલ કરવા માટે રચનાત્મક અને સકારાત્મક વિચારો મનમાં રાખીને આગળ વધવાની જરૂર : ઘણી વાર સફળતા એકાએક મળે છે**




આધુનિક સમયમાં સફળતા હાંસલ કરવા માટે તમામ વ્યક્તિ દિન રાત એક કરીને રાખે છે. સફળતા હાંસલ કરવા માટે બનતા તમામ પ્રયાસો પણ કરવામાં આવે છે. દિન રાતની મહેનત અને અન્ય તમામ પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં કેટલાક લોકો સફળતા હાંસલ કરી શકતા નથી. સામાન્ય રીતે લોકોના મનમાં આવા જ પ્રશ્નો થતા રહે છે કે લાંબા સમય સુધી એક લક્ષ્યની પ્રાપ્તિ સુધી તમામ પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં અપેક્ષા મુજબની સફળતા મળી નથી. આનો જવાબ એ છે કે આપને તમારા નંબરની રાહ જોવી પડશે.

દાખલા તરીકે કેટલીક વખત એવુ બને છે કે જ્યારે જમીનમાં બિયાને રોપવામાં આવે છે ત્યારે કેટલીક વખત ખાતર અને પાણી સહિત તમામ ચીજો આપવામાં આવી હોવા છતાં તેમાં કોઈ છોડ ઉગતા નથી. પરંતુ યોગ્ય અવસર પર મૌસમ આવતાની સાથે જ તે માત્ર છોડ તરીકે જ દેખાતા નથી બલ્કે તેમાં પુષ્પ પણ આવે છે. લીલાના ફુલના બલ્બ સમગ્ર વર્ષ દરમિયાન જમીનની અંદર નિષ્ક્રિય રીતે રહે છે. ખુબ ખાતર અને પાણી આપવામાં આવે છે છતાં પણ તેમાં કોઈ હલચલ દેખાતી નથી. પરંત ગરમીની સિઝન શરૂ થતાની સાથે જ મે મહિનાની અંદર તેમાં હિલચાલ જોવા મળે છે સાથે સાથે સુન્દર ફુલ પણ આવે છે. તેમાં ફુલ એ સમય પર આવે છે જ્યારે અન્ય છોડ અને ફુલ ગરમીના કારણે મુરઝાયેલા રહે છે. અમને રચનાત્મક વિચાર મનમાં રાખીને આગળ વધવાની જરૂર હોય છે. કારણ કે આ જરૂરી નથી કે જે દિશામાં અમે પ્રયાસ કરી રહ્યા છીએ સફળતા પણ એ જ દિશામાં મળશે. કેટલીક વખત સફળતા અજાણ દિશામાંથી આવી જાય છે. અમે અમારી સદીના મહાનાયક અમિતાભ બચ્ચનની વાત કરીએ તો આ બાબત સ્પષ્ટ થઈ જાય છે. અમિતાભ બચ્ચનના જીવનમાં ધ્યાન આપવામાં આવે તો જાણી શકાશે કે પહેલી વખત જ્યારે અમિતાભ બચ્ચને આકાશવાણીમાં પોતાના આવાજને આપવા માટે પહોંચ્યા હતા ત્યારે તેમના અવાજનો મજાક કરવામાં આવ્યો હતો.

આજે એજ અવાજ એક દાખલા તરીકે છે. અમે એક ટાર્ગેટને પાર પાડવા માટે વર્ષો સુધી લાગેલા રહીએ ચીએ છતાં લક્ષ્ય હાંસલ કરી શકતા નથી. જ્યારે અમે હતાશ થઈને બેસી જઈએ ત્યારે એકાએક ક્યારેય સફળતાના દર્શન થઈ જાય છે. ઓસ્ટ્રેલિયામાં વાંસની એક જાતિ હોય છે. જે એક દશક સુધી જમીનની અંદર પોતાની જડો ફેલાવતી રહે છે. પરંતુ જમીનની ઉપર તેની કોઈ હલનચલન દેખાતી નથી. પરંતુ એક દિવસ એવો આવે છે કે તે જમીનને ફાડીને બહાર નિકળે છે.

મેકડોનાલ્ડના માલિક રિચર્ડ એન્ડ મોરિસને પોતાના જીવનના ઉતરાર્ધમાં સફળતા મળી હતી. પરંતુ આ એટલા માટે પણ મળી હતી કે કારણ કે તેઓએ જુદા જુદા ક્ષેત્રોમાં પોતાની કુશળતા અજમાવી હતી. આખરે મેકડોનાલ્ડ બર્ગરે તેમને જીવનભરની મહેનતના ફળ આપી દીધા હતા. જેથી જાણકાર નિષ્ણાંતો કહે છે કે સતત રચનાત્મક પ્રયાસો કરવામાં આવે તે જરૂરી છે. અમને સતત પ્રયાસો કરતા રહેવાની જરૂર હોય છે. દરેક ચીજ માટે એક તક હોય છે. એનો સમય હોય છે.

જ્યારે અમે કોઈ વ્યક્તિને શિખર પર નિહાળીએ છીએ ત્યારે તરત અમારા મનમાં પણ એ શિખર પર હોવાની બાબતની લાલચ જાગે છે. પરંતુ અમે એ ચીજ જોઈ શકતા નથી કે ક્યા ખતરનાક રસ્તાથી અને જટિલ રસ્તાથી ચાલીને તે ત્યાં પહોચી છે. જો અમે પણ તે વ્યક્તિની જેમ જ મક્કમતા સાથે શિસ્ત સાથે આગળ વધીએ તો ચોક્કસપણે સફળતા મળી શકે છે. સફળતાના સંબંધમાં કહેવતછે કે સફળતા દરેક વ્યક્તિને જીવનમાં મળે છે. પરંતુ તેનો સમય નક્કી કરી શકાતો નથી. જરૂર એ બાબતની છે કે વ્યક્તિ તટસ્થ રહીને પોતાના કામો કરતી રહે. જેથી જ્યારે તેને સફળતા મળે ત્યારે તે તેને સ્વીકાર કરવામાં પણ સક્ષમ રહે. સફળતાને પચાવી પાડવા માટેની બાબત પણ સરળ નથી.

# મરિન એન્જિનિયરિંગ અને નોટિકલ સાયન્સમાં પોતાની કેરિયર બનાવી શકાય છે

જો તમને દરિયાઈ લહેર પોતાની તરફ આકર્ષિત કરે છે તો આ ક્ષેત્રમાં પણ એક સફળ કેરિયર બનાવી શકાય છે. સાથે સાથે આ ક્ષેત્રે સફળ કેરિયર બનાવવા અંગે વિચારણા કરી શકાય છે.દરિયાઈ લહેરને લઈને પસંદ કરનાર અને સાહસી વિચારધારા ધરાવતા યુવાનો મરીન એન્જિનિયરિંગમાં કેરિયર બનાવી શકે છે મરિન એન્જિનિયરિંગ અને નોટિકલ સાયન્સના ક્ષેત્રમાં પોતાની કેરિયર બનાવી શકાય છે. આ ક્ષેત્રમાં શરૂઆતમાં જ પગાર ધોરણ પણ ખુબ સારા રહેલા છે. મરિન એન્જિનિયરિંગ ખુબ જ પડકારૂપ ભરેલી કેરિયર છે. કારણ કે ખુબ વધારે સમય સુધી જહાજોમાં પણ રહેવાની ફરજ પડે છે. અલબત્ત આના કારણે દેશ વિદેશમાં ફરવા માટેની તક પણ મળે છે. આવી સ્થિતીમાં તમે રોમાંચની લહેર પર કેરિયર જહાજ ચલાવી શકો છો. જો તમે બીટેક મરિન એન્જિનિયરિંગ અથવા તો બીએસસી નોટિકલ સાયન્સ કોર્સ કરી ચુક્યા છો તો આપના માટે



નોકરીની અનેક તક રહેલી છે. આ સંબંધમાં માહિતી વિદ્યાર્થીઓ માટે ખુબ ઉપયોગી સાબિત થઈ શકે છે. ડીજી શિપિંહ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયાના મરિન પ્રોગ્રામમાં એડમિશન માટે કેએલ મરિન એન્ટ્રેસ એગ્ઝામનુ આયોજન કરવામાં આવે છે. આ એન્ટ્રેસ ટેસ્ટ મારફતે ખુબ મરિન એન્જિનિયરિંગ કોલેજોમાં બીટેક મરિન એન્જિનિયરિંગ અને બીએસસી નોટિકલ સાયન્સમાં પ્રવેશ આપવામાં આવે છે. ચાર વર્ષીય ડિગ્રી કોર્સ બીટેક મરિન એન્જિનિયરિંગ ડાયરેક્ટર જનરલ ઓફ શિપિંગ, ભારત સરકાર અને ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનોલોજી એજ્યુકેશનથી મંજુર કરવામાં આવ્યા છે.

બીજી બાજુ બીએસસી નોટિકલ સાયન્સ પણ ડાયરેક્ટર જનરલ શિપિંગ, ભારત સરકાર અને સંબંધિતોથી માન્યતા પ્રાપ્ત છે. આ કોર્સમાં વિદ્યાર્થીઓને નેવિગેશન, વોચ કિપિંગ, શીમેન શિપ, કાર્ગો, બ્રિજ ઈક્વિપમેન્ટ જેવી બાબતોમાં ટ્રેનિંગ આપવામાં આવે છે. આ કોર્સને પૂર્ણ કરીને તમે મરિન એન્જિનિયરિગ અને નોટિકલ સાઈન્સના ક્ષેત્રમાં શાનદાર માહિતી મેળવી શકો છો. સાથે સાથે એક શાનદાર કેરિયર નિર્માણની તક મળી શકે છે. બીટેક મરિન એન્જિનિયરિંગ અને બીએસસી નોટિકલ સાયન્સ માટે અરજી કરનારની લાયકાતની વાત કરવામાં આવે તો કોઈ પણ માન્યતાપ્રાપ્ત બોર્ડમાંથી ૧૨માં ભૌતિક શાસ્ત્ર, કેમિસ્ટ્રી અને ગણતિમાં ઓછામાં ઓછા ૬૦ ટકા માર્દ રહે તે જરૂરી છે. સાથે સાથે ધોરણ ૧૦માં અને ૧૨માં ઈંગ્લિશ વિષયમાં ઓછામાં ઓછા ૫૦ ટકા માર્ક રહે તે જરૂરી છે. બીટેક માટે ઉમેદવારમાં રિટન અને સ્પોકન ઈંગ્લિશમાં કુશળતા રહે તે જરૂરી છે.

આ પ્રવેશ પરીક્ષામાં ઉપસ્થિત રહેતા પહેલા ઉમેદવારને આ બાબતનુ ધ્યાન રાખવુ જોઈએ કે તેની વય ટ્રેનિંગ કાર્યક્રમ શરૂ થતા પહેલા ૨૫ વર્ષથી વધારે હોવી જોઈએ નહીં. આની સાથે જ કોઈ બહારની સહાય વગર અથવા તો ૬-૬ આઈ સાઈટ રહે તે જરૂરી છે. કલર બ્લાઈન્ડસનેસ પણ ન રહેવી જોઈએ. અત્રે નોંધ લેવા લાયક બાબત એ છે કે પ્રવેશ મેળવતી વેળા ઉમેદવારના મેડિકલ ટેસ્ટ ડીજી શિપિંગ ભારત સરકાર દ્વારા રહે તે જરૂરી છે. આ ફિલ્ડમાં કેટલાક શાનદાર કેરિયર વિકલ્પ છે. જેમાં નેવિગેશન ઓફિસર, મરિન એન્જિનિયરિંગ, ક્રુ મેમ્બર્સનો સમાવેશ થાય છે. એક ઓનલાઈન અરજી ફોર્મ ભરવાની જરૂર હોય છે. ફોર્મ ભરતી વેળા કોઈ પણ ખોટી માહિતી ન જાય તેની કાળજી રાખવામાં આવે તે જરૂરી છે. અરજી ફોર્મની સાથે નિર્ધારિત રેજિસ્ટ્રેશન ફિ પણ ઓનલાઈન જ જમા કરવામાં આવે છે.દેશના પ્રમુખ શહેરોમાં પરિક્ષા યોજવામાં આવે છે. ૧૮૦ મિનિટની અવધિ હોય છે. જેમાં મલ્ટીપલ ચોઈસ ટાઈપના ૨૦૦ સવાલ પુછવામાં આવે છે. જેમાં મેથ્સ, સાયન્સ, જનરલ નોલેજના પ્રશ્નો પણ હોય છે. પેપર હિન્દી અથવા તો ઈંગ્લિશ કોઈ પણ માધ્યમમાં આપી શકા છે. મરિન એન્જિનિયરિગમાં ખુબ શાનદાર કેરિયર છે. પગાર પણ ખુબ ઉંચા મળે છે. કેરિયરમાં આગળ વધવા માટે સાહસ ખુબ જરૂરી હોય છે.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN


STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234
info@cyberoctet.com
www.cyberoctet.com

### ટટ કરતી વખતે ગરદનમાં ગંભીર ઈજા

# ‘ગુડચારી ૨’ના સેટ પર ઈમરાન હાશ્મી ઘાયલ થયો



અભિનેતા ઈમરાન હાશ્મીનો એક ફિલ્મના સેટ પર અકસ્માત થયો હતો, જેમાં તે ઘાયલ થયો છે. તેની ગરદન પર ઈજા થઈ છે. ઈમરાન હાશ્મીની ઘાયલ તસવીરો પણ ઈન્ટરનેટ મીડિયા પર વાયરલ થઈ થતાં ફેન્સની ચિંતા વધી ગઈ છે. ઈમરાન હાશ્મી તાજેતરમાં જ ‘ગુડચારી ૨’ની કાસ્ટ સાથે જોડાયો છે. હૈદરાબાદમાં એક ઈન્ટેન્સ એક્શન સીન શૂટ કરતી વખતે ગરદનમાં ઈજા થઈ હતી. કહેવામાં આવી રહ્યું છે કે જમ્પ સિક્વન્સ દરમિયાન અભિનેતા ઘાયલ થયો હતો, જેના કારણે તેની ગરદન પર ઊંડો કટ પ ડ્યો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી તસવીરમાં અભિનેતાની ઈજા સાથે લોહી દેખાઈ રહ્યું છે, જેના કારણે તેના ચાહકોની ચિંતા વધી ગઈ છે. ઈમરાન હાશ્મી હૈદરાબાદમાં ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો હતો.અહેવાલો અનુસાર, ઈમરાન હાશ્મીને આ ઈજા તે સમયે થઈ હતી જ્યારે તે એક મુશ્કેલ સ્ટંટનું શૂટિંગ કરી રહ્યો હતો. પ્રોડક્શન સેટના એક સૂત્રએ કહ્યું, ‘ઈમરાન એક એક્શન સીન શૂટ કરી રહ્યો હતો ત્યારે તેની ગરદનમાં ઈજા થઈ હતી. આ ઈજા કદાચ જમ્પિંગ સીન દરમિયાન થઈ હતી. ઈમરાન હાશ્મી ટૂંક સમયમાં ફિલ્મનું શૂટિંગ ફરી શરૂ કરી શકે છે.ઓગસ્ટમાં અભિનેતા આદિવી શેષને ઈમરાન હાશ્મીની ગુડચારી ૨ માં જોડાવાની જાહેરાત કરવામાં આવી હતી, જેણે તરત જ ચાહકોને સહયોગ માટે ઉત્સાહિત કર્યા હતા.

# બોલિવૂડ ડાયરેક્ટરના પુત્ર અગ્નિ ચોપરાનું નસીબ ચમકશે!

### મુંબઈ ઈન્ડિયન્સ અગ્નિ ચોપરાને લઈ શકે છે



બોલિવુડના દિગ્ગજ ડાયરેક્ટર વિધુ વિનોદ ચોપરાનો દીકરો અગ્નિ ચોપરા હાલમાં રણજી ટ્રોફીમાં રનનો ઢગલો કરી રહ્યો છે. અગ્નિ ચોપરા શાનદાર બેટિંગ કરી રહ્યો છે.અગ્નિ ચોપરાના પિ તા વિધુ વિનોદ ચોપરા બોલિવુડના દિગ્ગજ ડાયરેક્ટર છે. તેમણે ૩ ઈડિયટ્સ ફિલ્મ બનાવી છે. હવે તેનો દિકરો અગ્નિ ક્રિકેટમાં ધમાલ મચાવવા તૈયાર છે.રણજી ટ્રોફી ૨૦૨૪-૨૫માં મિઝોરમ તરફથી રમતા અગ્નિ ચોપરાએ અરુણાચલ પ્રદેશ વિરુદ્ધ રમાયેલી ૨ ઈનિંગ્સમાં સદી ફટકારી છે. તેમણે પહેલી ઈનિંગ્સમાં ૧૧૦ અને બીજી ઈનિંગ્સમાં ૨૩૮ રનની અણનમ ઈનિંગ્સ રમી હતી.આ પહેલા અગ્નિ ચોપરાએ સિક્કમ વિરુદ્ધ ૫૧ અને ૨૯ રન બનાવ્યા હતા. અરુણાચલ પ્રદેશ વિરુદ્ધ તેમણે બેવડી સદી ફટકાર્યા બાદ આઈપીએલ ઓક્શનમાં પણ પોતાની દાવેદારી મજબુત કરી લીધી છે. જેમાં ૩ ફ્રેન્ચાઈઝીએ તેમને આઈપીએલ ૨૦૨૪ ઓક્શનમાં ખરીદી શકે છે.મુંબઈ ઈન્ડિયન્સ અગ્નિ ચોપરાને લઈ શકે છે. કારણ કે, અગ્નિએ મુંબઈ માટે જૂનિયર ક્રિકેટ રમ્યો છે.આ સિવાય આરસીબી અને પ ંજાબ પણ બોલી લગાવી શકે છે.અગ્નિએ ગત્ત સીઝનમાં મેઘાલય વિરુદ્ધ સદી ફટકારી હતી. તેમણે ૧૦૫ રન બનાવ્યા હતા. અત્યારસુધી રમાયેલી ૮ ફર્સ્ટ ક્લાસ મેચોમાં તેણે ૯૧.૧૩ની એવરેજથી ૧૩૬૭ રન બનાવ્યા છે. તેણે ૭ લિસ્ટ છ મેચમાં ૧૭૪ રન બનાવ્યા છે. આ ખેલાડીએ-૨૦ મેચમાં ૨૩૪ રન બનાવ્યા છે.

# આમિર અને સૂરિયા ‘ગજની ૨’ માટે એક જ સમયે શૂટ કરશે

### તાજેતરના અહેવાલો મુજબ, બંને આ ફિલ્મના બીજા ભાગ માટે પણ સહમત થઈ ગયા છે અને બંને ફિલ્મોનું શૂટ એક જ સમયે થશે



આમિર ખાન અને સૂરિયા બંને પોતાની ‘ગજની’ ફ્રેન્ચાઈઝીની ફિલ્મો સાથે પાછા ફરી રહ્યાં છે. તાજેતરના અહેવાલો મુજબ, બંને આ ફિલ્મના બીજા ભાગ માટે પણ સહમત થઈ ગયા છે અને બંને ફિલ્મોનું શૂટ એક જ સમયે થશે. તેમજ તમિલ અને હિન્દી બંને ફિલ્મો એક જ સાથે એક જ દિવસે રિલીઝ થશે. બંનેમાંથી એક પણ એક્ટરની ઈચ્છા તેમની યાદગાર ફિલ્મની રીમેક બને તેવી નહોતી, તેથી હવે બંને ફિલ્મના પ્રોડ્યુસર ફિલ્મનો બીજો ભાગ બનાવવા સહમત થયા છે. થોડાં વખતમાં સૂરિયાની ફિલ્મ ‘કંગુવા’ આવી રહી છે, તેના પ્રમોશન વખતના એક ઈન્ટરવ્યૂમાં તેણે કહ્યું હતું કે ફિલ્મ પ્રોડ્યુસર અલ્લુ અરવિંદે તેનો સંપર્ક કર્યો હતો અને ફ્રેન્ચાઈઝીનો આઈડિયા જણાવ્યો હતો, જે સૂરિયાને ગમ્યો છે. તેણે કહ્યું, “તમે મને હાલ પૂછો તો મારા માટે ‘ગજની ૨’ સરપ્રાઈઝ જેવી હતી. ઘણા લાંબા સમય પછી અલ્લુ અરવિંદ મારી પાસે આવ્યા અને મને પૂછ્યુ કે એવું શક્ય છે કે નહીં. મેં કહ્યું, આપણે બિલકુલ વિચારી શકીએ. હા, ચર્ચાઓ ચાલી રહી છે, આશા છે કે ‘ગજની ૨’ બનશે.”કેટલાંક સૂત્રો દ્વારા એવા પણ અહેવાલો મળ્યા હતાં કે અલ્લુ અરવિંદ આ જ ફિલ્મના હિન્દી વર્ઝન માટે આમિર સાથે પણ ચર્ચા કરી રહ્યા છે. સૂત્રના જણાવ્યા અનુસાર,“સૂરિયા અને આમિર બંનેને ગજની ૨નો વિચાર ગમ્યો છે. પરંતુ તેમની ફિલ્મ પર રીમેકનું ટૅગ લાગે એવું ઈચ્છતા નથી.

# કૂલી-કાલિયા જેવા હીરો આપવાનું ભૂલી જવાય છે



સાઉથ ઈન્ડિયન સિનેમા અને બોલિવૂડ વચ્ચે ફરી ચર્ચા શરૂ થઈ ગઈ છે, કારણ કે ૨૦૨૪માં ફરી તેલુગુ સિનેમાએ બોક્સ ઓફિસ પર હિન્દી ફિલ્મો કરતાં સારું પ્રદર્શન કર્યું છે. ૨૦૨૩માં બોલિવૂડને ‘જવાન’, ‘ગદર’ અને ‘એનિમલ’ની રિલીઝ સાથે થોડા સમય માટે જીવતદાન મળી ગયું હતું પરંતુ ૨૦૨૪ આવતા દર્શકોનો પ્રેમ ફરી સાઉથના સિનેમા તરફ વળી ગયો છે. ખાસ કરીને નાગ અશ્વિનની ‘કલ્કિ ૨૮૯૮ એડી’ તેલુગુ અને હિન્દી બંને ભાષામાં વર્ષની સૌથી સફળ ફિલ્મ સાબિત થઈ છે. બોલિવૂડની ફિલ્મો ઓડિયન્સને ઈમ્પ્રેસ કેમ નથી કરતી? તે અંગે અલ્લુ અર્જુને બોલ્ડ ઓપિનિયન આપ્યો હતો. આ ઓપિનિયને વિગતે સમજાવતાં ડાયરેક્ટર નિખિલ અડવાણીએ કહ્યું હતું કે, કૂલી અને કાલિયા જેવા હીરો આપવાનું બોલિવૂડ ભૂલી ગયું છે.

# આલિયાનો અનુભવ બોલ્યો પ્રમોશનથી ફિલ્મ હિટ ન થાય

### ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ચમકતા સિતારાઓની યાદીમાં આલિયા ભટ્ટ મોખરે છે

ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ચમકતા સિતારાઓની યાદીમાં આલિયા ભટ્ટ મોખરે છે. આલિયાએ સંખ્યાબંધ હિટ ફિલ્મો આપેલી છે અને તેથી જ આલિયાની હાજરી માત્રથી ફિલ્મની સફળતા સુનિશ્ચિત થતી હોવાનું ઘણાં ફિલ્મમેકર્સ માને છે. ફિલ્મની સફળતામાં લીડ સ્ટાર્સ જેટલું જ મહત્ત્વ પ્રમોશન સ્ટ્રેટેજીનું છે. દમદાર પીઆર અને પ્રમોશનના જોરથી નબળી ફિલ્મો પણ હિટ બનતી હોવાની માન્યતા છે. જો કે આલિયાનો વાસ્તવિક અનુભવ અલગ છે. આલિયાનું છે કે, ફિલ્મની સફળતાનું શ્રેય પ્રમોશનને આપી શકાય નહીં. કોઈ ફિલ્મ સફળ રહે તો તેનું કારણ એ ફિલ્મ પોતે જ છે. પ્રભાવશાળી પ્રમોશન કરવાથી કોઈ પણ નબળી ફિલ્મને બચાવી શકાતી નથી. ફિલ્મની રિલીઝ પૂર્વે લીડ સ્ટાર્સ વચ્ચે અફેરની અફવા શરૂ કરાવવાનું કે ઝઘડાની વાતો વહેતી કરવાનું ચલણ અગાઉના જમાનામાં હતું. આ પ્રકારના ગતકડાંથી ફિલ્મને ચર્ચામાં રાખવામાં અને ઓડિયન્સમાં ઉત્સુકતા ઊભી કરવામાં સફળતા મળતી હોવાની છાપ હતી. બદલાયેલા સમયમાં ઓડિયન્સ સ્માર્ટ થઈ ગયું છે. વળી, સોશિયલ મીડિયાના કારણે પોતાના ફેવરિટ સ્ટાર્સ સાથેની તેમની નિકટતા પણ વધી છે. સ્ટાર્સના વર્કઆઉટ, ડાયેટથી માંડીને રોજિંદા જીવનની અપડેટ્સ પણ ફોલોઅર્સ પાસે રહેતી હોય છે. આ સ્થિતિમાં મોટી અને ખોટી ચર્ચાઓ ઊભી કરવી પબ્લિસિટી મેળવવાનું અઘરું બન્યું છે. આલિયા ભટ્ટ માને છે કે, નવા જમાનામાં જૂની ઢબની પ્રમોશનલ સ્ટ્રેટેજી બિનઅસરકારક છે. ફિલ્મને હિટ બનાવવા માટે કન્ટેન્ટ દમદાર હોવું જોઈએ.



# કેટરિના કૈફને ડાયાબિટીસ ! હાથ પર બ્લેક પેચ જોઈને ચાહકોની વધી ચિંતા

કેટરીના કૈફ હાલમાં જ એક નવરાત્રિ ઈવેન્ટમાં હાજરી આપી હતી. આ ઈવેન્ટમાં તે બ્લેક પેચ સાથે જોવા મળી હતી, જેને જોઈને ફેન્સ તેના સ્વાસ્થ્યની ચિંતા કરવા લાગ્યા હતા. આ બ્લેક પેચ જોઈને ચાહકો અનુમાન લગાવી રહ્યા છે કે તેને ડાયાબિટીસ છે કે કેમ. કેટરિના કૈફ માત્ર એક શાનદાર અભિનેત્રી જ નથી, પરંતુ એક સ્ટાઈલ આઈકોન પણ માનવામાં આવે છે, જે ફેશનના મામલે ક્યારેય પાછળ નથી રહેતી. તાજેતરમાં અભિનેત્રીએ નવરાત્રિના એક કાર્યક્રમમાં હાજરી આપી હતી, જેમાં તે સાડી પહેરેલી જોવા મળી હતી. આ દરમિયાન કેટલાક ચાહકોએ તેના હાથ પર કાળો ડાઘ જોયો, જેના કારણે ચાહકો તેના સ્વાસ્થ્યને લઈને ચિંતિત છે. આ જોઈને લોકોએ પૂછ્યું પણ, “શું તેને ડાયાબિટીસ છે?” કેટરીના કૈફ નવરાત્રી ઈવેન્ટમાં હાજરી આપવા મુંબઈના કાલીના એરપોર્ટ પર જોવા મળી હતી. કેટરીના એરપોર્ટ પર ટ્રેડિશનલ લુકમાં જોવા મળી હતી. અભિનેત્રીએ પીચ રંગની સાડી પહેરીને ઘણી હેડલાઈન્સ મેળવી હતી, જે તરુણ તાહિલિયાની દ્વારા ડિઝાઈન કરવામાં આવી હતી. આ ઈવેન્ટમાં કેટરીનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. એક તરફ ચાહકો કેટરીનાની ફેશન સેન્સના વખાણ કરતા જોવા મળ્યા હતા.



# ‘કંગુવા’ ઈફેક્ટઃ સુરિયાની આગામી ફિલ્મ ‘કર્ણ’ અટકી

તમિલ સુપરસ્ટાર સુરિયાની ‘કંગુવા’નો બોક્સઓફિસ પર રીતસરનો ધબડકો થયો છે. રૂ.૪૦૦ કરોડથી વધુનું કલેક્શન આ ફિલ્મને મળવાની ચર્ચાઓ હતી, પ રંતુ ઓડિયન્સને આ ફિલ્મ પસંદ આવી નથી. રૂ.૩૦૦ કરોડના બજેટમાં બનેલી ‘કંગુવા’ને રૂ.૧૦૦ કરોડથી વધુ નુકસાન થયું હોવાનો અંદાજ છે. આ ફિલ્મની સીધી અસર સુરિયાના પાન ઈન્ડિયા પ્રોજેક્ટ પર પડી છે. બોલિવૂડના બે પ્રોડક્શન હાઉસ દ્વારા તોતિંગ બજેટ સાથે સુરિયા સાથે ‘કર્ણ’નું આયોજન થયુ હતું. બે ભાગમાં આ ફિલ્મ બનાવવાનો પ્રોજેક્ટ હતો, પરંતુ તેનો ખર્ચ કાબૂ બહાર જવા માંડ્યો હતો. વળી, સુરિયાની ‘કંગુવા’ પણ ઊંધા માથે પછડાઈ હતી. જેના પગલે પ્રોડ્યુસર્સે હાલ ‘કર્ણ’ને મોકૂફ રાખવાનો નિર્ણય લીધો છે. રાકેશ ઓમપ્રકાશ મેહરા, રિતેશ સિધવાની અને ફરહાન અખ્તર જેવા બોલિવૂડના જાણીતા પ્રોડ્યુસર્સ ‘કર્ણ’ બનાવી રહ્યા હતા. બે પાર્ટમાં આ ફિલ્મ બનાવવાનું આયોજન હતું. સ્ક્રિપ્ટ અને કાસ્ટિંગ નક્કી થયા બાદ ફિલ્મ ફ્લોર પર પણ પહોંચી હતી. જો કે પ્રોડક્શન કોસ્ટ સતત વધી રહી હતી અને ‘કંગુવા’ના કારણે સુરિયા પરથી પ્રોડ્યુસર્સનો વિશ્વાસ ડગી ગયો હતો. પરિણામે ‘કર્ણ’માં આગળ વધવાનો નિર્ણય મોકૂફ રાખવામાં આવ્યો હતો. પ્રભાસ, અલ્લુ અર્જુન અને યશની જેમ પાન ઈન્ડિયા ફિલ્મ્સમાં સુરિયા પણ ડંકો વગાડશે તેવી બોલિવૂડના પ્રોડ્યુસર્સને આશા હતી. જો કે ઓડિયન્સે સુરિયાને ઝાકારો આપી દીધો છે. મહાભારતના યાદગાર પાત્રોને મહારથી કર્ણની દૃષ્ટિએ રજૂ કરવાના ઈરાદાથી આ પ્રોજેક્ટ શરૂ થયો હતો. નોર્થ ઈન્ડિયામાં આ ફિલ્મ સફળ જવાની અપેક્ષા પ્રોડ્યુસર્સને હતી.




# કરીના કપૂર પછી હવે હુમા કુરેશી ડિટેક્ટિવ રોલમાં જોવા મળશે

### હુમા કુરેશી પહેલી વખત પોલિસ ઓફિસરના રોલમાં

હુમા કુરેશી તેની આગામી ફિલ્મ ‘બયાન’માં એક પોલિસ ડ્રામા ફિલ્મમાં એક ડિટેક્ટિવના રોલમાં જોવા મળશે અને તેના માટે તે ઘણી ઉત્સાહીત પણ છે. તેની આ ફિલ્મ બુસાનના એશિયન પ્રોજેક્ટ માર્કેટમાં પણ મોકલવામાં આવશે.બિકાસ રંજન મિશ્રાએ ડિરેક્ટ કરેલી ‘બયાન’ એક એવી મહિલા ડિટેક્ટિવ પર આધારિત ફિલ્મ છે, જે એક લીડ ઈન્વેસ્ટિગેટર તરીતે રાજસ્થાનના નાના ગામમાં પોતાના પહેલા કેસની તપાસ કરવા માટે જાય છે. જ્યાં તેના વિરોધીનો સ્થાનિક ક્ષેત્રે સમાજિક રીતે અને વહીવટીતંત્રમાં બહુ પ્રભાવ હોવાથી તેને ઘણા પડકારોનો સામનો કરવો પડે છે. સાથે તેને પોતાના સસરાની છબિને પણ જાળવી રાખવાના હોય છે. બિકાસ રંજન મિશ્રાએ જણાવ્યું હતું કે, આ ફિલ્મ ગ્રામ્ય વિસ્તારોના મૂળમાં રહેલી પિતૃ સત્તાક સમાજ વ્યવસ્થા અને તેના કારણે મહિલાઓ માટે રચાતા એક દબાણ અને સંકુચિત માહોલ પર પ્રકાશ પાડે છે. તેમણે જણાવ્યું કે તેમનો આ ફિલ્મ બનાવવા પાછળનો હેતુ કોઈ સલાહ-સૂચન કરવાનો નથી પણ આ પ્રકારના માહોલની લોકોના જીવન પર થતી અસર અને તેને દ્વારા લોકોને એ અનુભવ કરાવવાનો છે કે આ માહોલથી ખરેખર કઈ હદ સુધીના પરિણામો આવી શકે છે.હુમા કુરેશી પહેલી વખત એક પોલિસ ઓફિસરના રોલમાં જોવા મળશે. તેથી તે આ ફિલ્મ માટે ઘણી ઉત્સાહિત છે. તેણે જણાવ્યું,“હું એવી ફિલ્મ પ સંદ કરું છું જેની વાર્તા સાથે હું મારી જાતને જોડી શકું. હું હંમેશા અલગ અલગ પ્રકારની ફિલ્મો કરવાનો પ્રયત્ન કરું છું. જો તેમાં મને એક કલાકાર તરીકે કોઈ નવો પ્રયોગ કરવા મળતો હોય તો મને એનો ભાગ બનવું ગમે છે. મને જ્યારે ‘બયાન’ ઓફર થઈ ત્યારે હું એની વાર્તા, પાત્ર, ફિલ્મનો હેતુ અને આ વાર્તા લોકો સમક્ષ લાવવાનું પેશન મને બહુ ગમ્યું.”



# ખેડૂત આંદોલનની અસર પંજાબમાં દેખાઈ । ખેડૂતોએ રસ્તાઓ જામ કર્યા





ખેડૂત સંગઠનોએ આજે ૧૦ કલાકનો બંધ પાળ્યો હતો આ બંધ સાંજે ૪ વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો તે જ સમયે, ખેડૂત નેતા જગજીત સિંહ ડલ્લેવાલનું ઉપવાસ ૩૫ દિવસથી ચાલુ રહ્યાં છે ખનૌરીમાં ખેડૂત નેતાઓએ કહ્યું કે તેઓ તેમનો વિરોધ ચાલુ રાખવા માટે ગાંધીવાદી માર્ગને અનુસરી રહ્યા છે અને તે સરકારને નક્કી કરવાનું છે કે તે તેમના નેતાને દૂર કરવા બળનો ઉપયોગ કરવા માંગે છે કે નહીં. દરમિયાન બંધની અસર પંજાબમાં જોવા મળી હતી બપોર સુધી પંજાબમાં દુકાનો,વેપારી પ્રતિષ્ઠાનો સહિતના બજારો બંધ રહ્યાં હતાં બંધ સમર્થકોએ ઠેર ઠેર વિરોધ કર્યો હતો અને રેલ રોકી હતી , સવારે ૭ વાગ્યે, ખેડૂતોએ પંજાબના મોહાલીમાં એરોસિટી રોડ પર જતા મુખ્ય માર્ગ અને રેલવે લાઈનને બ્લોક કરી દીધી હતી.બંધને ધ્યાનમાં રાખીને પંજાબમાં રોડ અને ટ્રેન ટ્રાફિકને ખાસ્સી અસર થઈ છે. ઘણી ટ્રેનોના રૂટ બદલવામાં આવ્યા છે, જ્યારે ૧૬૩ ટ્રેનો રદ કરવામાં આવી છે. આખા પંજાબમાં લગભગ ચાર કલાક સુધી સરકારી બસો દોડશે ન હતી, ખેડૂતોના આંદોલનના સમર્થનમાં ગઈકાલે હરિયાણાના હિસારમાં ખાપ મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું,

## કંગના રનૌતે હિમાચલની મહિલાઓના વખાણ કર્યા, પ્રીતિ ઝિન્ટા-યામી ગૌતમને સારી કહી



। મુંબઇ, તા.૩૦ ।

અભિનેત્રીમાંથી રાજનેતા બનેલી કંગના રનૌતે તાજેતરમાં તેની સોશિયલ મીડિયા સ્ટોરીઝ પર હિમાચલ પ્રદેશની મહિલાઓની પ્રશંસા કરતી એક પોસ્ટ પોસ્ટ કરી હતી. તેણીએ પોતાની જાતને એક મહેનતુ મહિલા ગણાવી હતી અને પ્રીતિ ઝિન્ટા, યામી ગૌતમ અને પ્રતિભા રંતા જેવી હિમાચલની તેની સાથી અભિનેત્રીઓની પણ પ્રશંસા કરી હતી.કંગનાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર બોલિવૂડ અભિનેત્રી પ્રીતિ ઝિંટા, યામી ગૌતમ અને પ્રતિભા રંટા સાથે પોતાની એક તસવીર શેર કરી અને લખ્યું, "હિમાચલના લોકો, જ્યારે હું હિમાચલ જાઉં છું અને જોઉં છું કે અમારી મહિલાઓ અમારા કરતાં સમાન અથવા સારી દેખાતી હોય છે, ત્યારે હું ખેતરોમાં કામ કરું છું. સખત, કોઈ ઈન્સ્ટા, કોઈ રીલ નહીં, સખત મહેનત કરો અને મારી આજીવિકા કમાવો. મને લાગે છે કે તેમને ચોક્કસ પ્રસિદ્ધિની જરૂર છે.હાલમાં જ કંગનાએ પણ હિમાચલ સ્થિત પોતાના ઘરે ક્રિસમસની ઉજવણી કરી હતી.

### સુદાનથી ગાઝા સુધીના યુદ્ધની અસર

## યુએનએચસીઆરના રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૪માં શરણાર્થીઓની સંખ્યા ૧૨૨ મિલિયન થઈ ગઈ

**રિપોર્ટ અનુસાર વિશ્વભરમાં શરણાર્થીઓની સંખ્યામાં વર્ષ ૨૦૨૩ની સરખામણીએ વધુ વધારો થયો છે । યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધ અટકવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી**

। વોશિગ્ટન, તા.૩૦ ।

હાલમાં સમગ્ર વિશ્વમાં શરણાર્થીઓની સંખ્યા વધી રહી છે. યુએનએચસીઆર (યુનાઈટેડ નેશન્સ હાઈ કમિશનર ફોર રેફ્યુજીસ)ના રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૪માં શરણાર્થીઓની સંખ્યા ૧૨૨ મિલિયન થઈ ગઈ છે. રિપોર્ટ અનુસાર વિશ્વભરમાં શરણાર્થીઓની સંખ્યામાં વર્ષ ૨૦૨૩ની સરખામણીએ વધુ વધારો થયો છે. હકીકતમાં, વિશ્વના ઘણા ભાગોમાં ચાલી રહેલા યુદ્ધને કારણે, લાખો લોકોને તેમના ઘર છોડવાની ફરજ પડી છે.સુદાનમાં ગૃહયુદ્ધ ચાલી રહ્યું છે. હમાસ અને ઈઝરાયેલ વચ્ચે ગયા વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું છે. લેબનોનમાં સંઘર્ષ ચાલી રહ્યો છે અને યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધ અટકવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. આ જ કારણ છે કે લાખો લોકો પોતાનો જીવ બચાવવા માટે પોતાનો દેશ છોડવા મજબૂર બન્યા છે અને હિજરત કરી રહ્યા છે. જેના કારણે



સમગ્ર વિશ્વમાં શરણાર્થીઓની સંખ્યા ૧૨૨ મિલિયન સુધી પહોંચી ગઈ છે.જર્મનીમાં યુએનએચસીઆરના રાષ્ટ્રીય નિર્દેશક પીટર રુહેનસ્ટ્રોથ-બાઉરે આ આંકડાઓને ચિંતાજનક ગણાવ્યા છે. નેશનલ ડાયરેક્ટર પીટર રુહેનસ્ટ્રોથ-બાઉરે કહ્યું કે આ વધતા આંકડાનું કારણ એ છે કે દરેક વ્યક્તિ સુરક્ષા અને તેનું ભવિષ્ય ઈચ્છે છે. તેમણે આ વ્યક્તિઓ માટે સુરક્ષા અને તકો વધારવા માટે પણ હાકલ કરી હતી. વર્ષ ૨૦૨૩માં શરણાર્થીઓની સંખ્યા ૧૧૭.૪ મિલિયન હતી, જોકે હવે તે ૧૨૨ મિલિયન સુધી પહોંચી ગઈ છે. શરણાર્થીઓની વસ્તીમાં ૪.૬ નો વધારો થયો છે. આ સંખ્યામાં વધારો થવાનું સૌથી મોટું કારણ ઘણા દેશોમાં ચાલી રહેલું યુદ્ધ છે. ખાસ કરીને સુદાનમાં ચાલી રહેલા ગૃહ યુદ્ધને કારણે શરણાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે. આ સ્કેલ પર વિસ્થાપન માટે સુદાનમાં ગૃહ યુદ્ધને દોષી ઠેરવવામાં આવ્યું છે.

### ટ્રૂડો સાથે ઝેલેન્સકીની વાતચીત

## રશિયા ઉપર પ્રતિબંધો કડક કરવા વિનંતી કરી

**બે વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધમાં દરરોજ નવો વળાંક**

। ક્વિ,તા.૩૦ ।

બે વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધમાં દરરોજ નવો વળાંક આવે છે. દરમિયાન, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડો સાથે વાત કરી હતી. જ્યાં તેમણે ટ્રૂડોને યુક્રેનને શસ્ત્રોના ઉત્પાદનમાં મદદ કરવા અને સ્થાનિક સ્તરે શસ્ત્રોનું ઉત્પાદન કરવાની તકો શોધવામાં મદદ કરવા માટે ભંડોળ વધારવા વિનંતી કરી. ઝેલેન્સકીએ એમ પણ કહ્યું કે સ્થાયી શાંતિ માટે યુક્રેનનું મજબૂત વલણ અને સાથીઓ સાથે સંકલન મહત્વપૂર્ણ છે.યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ રશિયા સામેના યુદ્ધમાં યુક્રેનને એર ડિફેન્સ સિસ્ટમ એનએએસએએમએસ જેવી સંરક્ષણ સહાય પૂરી પાડવા માટે કેનેડિયન પીએમ જસ્ટિન ટ્રૂડોનો આભાર માન્યો હતો. આ સાથે, તેમણે રશિયા સામેના પ્રતિબંધોને વધુ કડક બનાવવાની પણ ચર્ચા કરી, ખાસ કરીને રશિયાના પ્રચાર નેટવર્ક અને શેડો ફ્લીટને નિશાન બનાવવું.તમને જણાવી દઈએ કે જી૭ દેશો સાથે ઝેલેન્સકીનો આ બીજો સંપર્ક હતો. અગાઉ ૨૩ ડિસેમ્બરે તેમણે યુકેની મુલાકાત લીધી હતી. યુકે સાથે પણ વાત કરી, જ્યાં તેમણે યુ.એસ.એ સંરક્ષણ ઉત્પાદનમાં રોકાણ કરવા અને રશિયાના શેડો ટેક્કર કાફલા પરના પ્રતિબંધોને વધુ કડક બનાવવાની હાકલ કરી હતી. ડિસેમ્બરમાં, ઝેલેન્સકીએ નાટો અને ઈયુ દેશો સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજી હતી, જેમાં તેમણે યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેનને યુક્રેનની ઈયુ પ્રવેશ પ્રક્રિયા વિશે પૂછ્યું હતું, રશિયાની સ્થિર સંપત્તિનો ઉપયોગ કર્યો હતો અને યુક્રેનના હવાઈ સંરક્ષણને મજબૂત કરવા વિશે ચર્ચા કરવામાં આવી હતી.આ પહેલા નવેમ્બરમાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને યુક્રેનને રશિયાના આંતરિક ભાગને નિશાન બનાવવા માટે લાંબા અંતરની મિસાઈલનો ઉપયોગ કરવાની મંજૂરી આપી હતી.

## સંધ્યા થિયેટર કેસમાં અલ્લુ અર્જુનની મુસીબત વધી



। હૈદરાબાદ, તા.૩૦ ।

અલ્લુ અર્જુન આ દિવસોમાં તેની ફિલ્મ 'પુષ્પા ૨'ને લઈને ઘણા સારા અને વિવાદાસ્પદ કારણોસર ચર્ચામાં છે. આજે, ૩૦ ડિસેમ્બરે, અભિનેતાને તેની ફિલ્મના પ્રીમિયર દરમિયાન ભાગદોડમાં એક મહિલાના મૃત્યુના કેસમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા હૈદરાબાદની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ કેસમાં આરોપી અર્જુને હાઈકોર્ટમાંથી વચગાળાના જામીન મળ્યા બાદ રેગ્યુલર જામીન માટે અરજી કરી હતી, પરંતુ સુનાવણી બાદ હજુ સુધી નિર્ણય આવ્યો નથી. સંધ્યા થિયેટર કેસમાં કોર્ટે અલ્લુ અર્જુનના નિયમિત જામીન પરનો નિર્ણય ત્રણ દિવસ માટે મુલતવી રાખ્યો છે.૧૩ ડિસેમ્બરે ધરપકડ કરાયેલા અલ્લુ અર્જુનને તેલંગાણા હાઈકોર્ટે એક દિવસ પછી ચાર અઠવાડિયા માટે વચગાળાના જામીન આપ્યા હતા. ૪ ડિસેમ્બરે સંધ્યા થિયેટરમાં નાસભાગ મચી હતી, જેમાં મહિલાનો પુત્ર ઘાયલ થયો હતો. અલ્લુ અર્જુન, તેની સુરક્ષા ટીમ અને થિયેટર મેનેજમેન્ટ સામે કેસ નોંધવામાં આવ્યા હતા. આજે નામપલ્લી કોર્ટમાં અલ્લુ અર્જુનની જામીન અરજી પર સુનાવણી થઈ.

## ગાઝાની કમલ અડવાન હોસ્પિટલ ઇઝરાયલી સેનાએ કબજે કરી

। ગાઝા, તા.૩૦ ।

ગાઝામાં કમલ અડવાન હોસ્પિટલ પર ઈઝરાયેલી સેનાએ કબજો જમાવ્યો હોવાના સમાચાર છે. હોસ્પિટલના ડાયરેક્ટરનો દાવો છે કે ઈઝરાયલી સૈનિકોએ બળજબરીથી હોસ્પિટલ ખાલી કરાવી છે. આ હોસ્પિટલ ઉત્તરી ગાઝા પટ્ટીમાં છેલ્લી બાકી રહેલી તબીબી સુવિધાઓમાંની એક હોવાનું કહેવાય છે. કમલ અડવાન હોસ્પિટલના ડિરેક્ટરે જણાવ્યું હતું કે શુક્રવારે ઈઝરાયેલી સૈનિકોએ કેટલાક તબીબી કર્મચારીઓને હોસ્પિટલ ખાલી કરવાનો આદેશ આપ્યો હતો અને કેટલાકને અટકાયતમાં લીધા હતા. બાદમાં હોસ્પિટલની સુવિધાઓના કેટલાક ભાગોને આગ ચાંપવામાં આવી હતી.ઈઝરાયેલ લાંબા સમયથી કહે છે કે કમલ અદવાન હમાસનો ગઢ છે જ્યાં આતંકવાદીઓ સક્રિય છે. આઈડીએફએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "ઈઝરાયેલી સૈનિકો આ વિસ્તારમાં લક્ષ્યાંકિત ઓપરેશન ચલાવી રહ્યા છે, જ્યારે તેમાં સામેલ ન હોય તેવા નાગરિકો, દર્દીઓ અને તબીબી કર્મચારીઓને નુકસાન ઓછું કરી રહ્યું છે."

## તેલંગાણાના સિદ્દીપેટ અને મેડક જિલ્લામાં બે પોલીસકર્મીઓએ આત્મહત્યા કરી

। હૈદરાબાદ, તા.૩૦ ।

તેલંગાણાના સિદ્દીપેટ અને મેડક જિલ્લામાં અલગ-અલગ ઘટનાઓમાં બે પોલીસકર્મીઓએ કથિત રીતે આત્મહત્યા કરી હતી. સરસિલામાં ૧૭મી બટાલિયનમાં કામ કરતા ૩૪ વર્ષીય કોન્સ્ટેબલે ઝેરી પદાર્થ ખાઈને આત્મહત્યા કરી હોવાનું પોલીસે જણાવ્યું હતું. તેણે કથિત રીતે આ જ પદાર્થને સોફ્ટ ડ્રિંકમાં ભેળવીને તેની પત્ની અને બે બાળકોને સિદ્દીપેટ જિલ્લામાં તેમના ઘરે પીવડાવ્યો હતો.પોલીસે જણાવ્યું કે આ પછી કોન્સ્ટેબલે ફાંસી લગાવી લીધી. તે જ સમયે, સ્થાનિક લોકોએ તેની પત્ની અને બાળકોને સરકારી હોસ્પિટલમાં દાખલ કર્યા. તેમની હાલત સ્થિર હોવાનું તબીબોએ જણાવ્યું હતું. અન્ય એક ઘટનામાં, મેડક જિલ્લાના કુલાચરમ પોલીસ સ્ટેશનમાં તૈનાત એક ૫૦ વર્ષીય હેડ કોન્સ્ટેબલે કથિત રીતે તેના ક્વાર્ટરની નજીક એક ઝાડ પર લટકીને આત્મહત્યા કરી હતી. પોલીસે જણાવ્યું કે આત્મહત્યા પાછળના કારણોની તપાસ કરવામાં આવી રહી છે. કેસ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.તેલંગાણામાં ત્રણ દિવસમાં પાંચ પોલીસકર્મીઓએ આત્મહત્યા કરી લીધી છે.સિદ્દીપેટ અને મેડક જિલ્લામાં બે પોલીસકર્મીઓએ ફાંસી લગાવીને આત્મહત્યા કરી હતી. આના બે દિવસ પહેલા, કામરેડ્ડી જિલ્લાના બીકાનુર પોલીસ સ્ટેશનમાં તૈનાત એસઆઈ સાઈકુમાર, બીબીપેટ પોલીસ સ્ટેશનમાં તૈનાત કોન્સ્ટેબલ શ્રુતિ અને કોમ્પ્યુટર ઓપરેટર નિખિલ ઈલારેડ્ડી પેડ્ડાના મૃતદેહ મળી આવ્યા હતા.

### પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સ્થિતિ તણાવપૂર્ણ

### પીઓકેમાં આતંકવાદી સંગઠન અને આઈએસઆઈ વચ્ચે બેઠક યોજાઈ હતી, આ બેઠકનો મુદ્દો એ હતો કે કાશ્મીર મુદ્દાને કેવી રીતે પુનર્જીવિત કરવો

## જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓની ઘૂસણખોરી અને લોન્ચ પેડને સક્રિય । કાશ્મીરમાં એલર્ટ

। શ્રીનગર, તા.૩૦ ।

એક તરફ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સ્થિતિ તણાવપૂર્ણ છે, તો બીજી તરફ પીઓકેમાં પણ પાકિસ્તાન વિરુદ્ધ વિદ્રોહના અવાજો સતત જોવા મળી રહ્યા છે. આવી સ્થિતિમાં પાકિસ્તાનને ચિંતા છે કે પીઓકે તેમના હાથમાંથી નીકળી શકે છે. તાજેતરમાં પીઓકેમાં આતંકવાદી સંગઠન અને આઈએસઆઈ વચ્ચે બેઠક યોજાઈ હતી. આ બેઠકનો મુદ્દો એ હતો કે કાશ્મીર મુદ્દાને કેવી રીતે પુનર્જીવિત કરવો. આતંકવાદીઓનું પરિવહન કેવી રીતે કરવું અને હથિયારો કેવી રીતે પહોંચાડવા.નિયંત્રણ રેખા વિસ્તારમાં હિમવર્ષા થઈ રહી છે, ઘૂસણખોરીના તમામ માર્ગો લગભગ બંધ છે, પરંતુ પાકિસ્તાનમાં બેઠેલા આતંકવાદીઓ દરરોજ આંતરરાષ્ટ્રીય સરહદ અથવા નિયંત્રણ રેખા વિસ્તારમાંથી ઘૂસણખોરીના પ્રયાસો કરતા રહે છે. આવી સ્થિતિમાં, નિયંત્રણ રેખા પર હિમવર્ષા દરમિયાન



પણ, સેનાના જવાનો દરેક પરિસ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. હિમવર્ષા વચ્ચે સેનાના જવાનો દેશની રક્ષા માટે તૈયાર ઉભા છે. ઘણા હાઈટેક હથિયારો છે જે તેમને મદદ કરી રહ્યા છે.ઘાટીમાં સતત હિમવર્ષા થઈ રહી છે અને સેનાના જવાનો સરહદોની સુરક્ષામાં લાગેલા છે. સેનાના જવાનો ૨૦૦૦૦ થી ૩૦૦૦૦ ફૂટની ઉંચાઈથી પડોશી દેશની દરેક ગતિવિધિઓ પર સતત નજર રાખી રહ્યા છે એટલું જ નહીં પરંતુ કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે પણ સંપૂર્ણ રીતે તૈયાર છે. પાકિસ્તાન અધિકૃત કાશ્મીરનો રાવલા કોટ એવો વિસ્તાર છે જ્યાં એવું માનવામાં આવે છે કે આતંકવાદીઓના ઘણા ટ્રેનિંગ કેમ્પ અને લોન્ચ પેડ છે.સૂત્રોનું કહેવું છે કે હાજી પીર સેક્ટર, ફોરવર્ડ કહુતા, પડ મોહલ્લા, રંકડી, સીધિયાં, સમાની, ભીમ્બર, નીલમ વેલી, લીપા વેલી એવા વિસ્તારો છે જે પીઓકેમાં આવે છે અને અહીં પણ ઘણા આતંકવાદીઓના લોન્ચ પેડ છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં લોન્ચ પેડ પર ૧૫૦-૨૦૦ આતંકીઓ હાજર છે.

**ઈન્ટેલિજન્સ ઈનપુટ** | **પોલીસે ૫૦થી વધુ આરોપીઓની ધરપકડ કરીને તેમને જેલમાં મોકલી દીધા છે**

## સંભાલ હિંસાનો 'માસ્ટરમાઈન્ડ' શારિક સાથ દાઉદ માટે કામ કરે છે

। સંભાલ,તા.૩૦ ।

૨૪ નવેમ્બરના રોજ યુપીના સંભલમાં જામા મસ્જિદના સર્વે દરમિયાન થયેલી હિંસાના એક મહિના બાદ પોલીસે ૫૦થી વધુ આરોપીઓની ધરપકડ કરીને તેમને જેલમાં મોકલી દીધા છે. પોલીસ સંભલ હિંસાની આતંકવાદી એંગલથી પણ તપાસ કરી રહી છે. હિંસાની તપાસમાં મળેલા ઈન્ટેલિજન્સ ઈનપુટથી ખળભળાટ મચી ગયો છે. આ હિંસા આતંકવાદી ગતિવિધિઓ સાથે જોડાયેલી હોવાની આશંકા છે.એસઆઈટીને શંકા છે કે



સંભલના દીપા સરાઈ અને નખાસામાં રહેતા આઈએસઆઈ અને અલ કાયદા સંગઠનના લોકોએ રમખાણો માટે શસ્ત્રો અને ભંડોળ પૂરું પાડ્યું હતું. ગુપ્તચર વિભાગની પ્રથમ શંકા



સંભલના રહેવાસી શારિક સાથ પર છે, જે આતંકવાદી દાઉદની ગેંગનો સભ્ય છે.

શારિક વિરુદ્ધ વિવિધ રાજ્યોમાં ૫૦ થી વધુ કેસ નોંધાયેલા છે. તે થોડા વર્ષો પહેલા દુબઈ ભાગી ગયો હતો. પોલીસને આશંકા છે કે ૨૪ નવેમ્બરે થયેલી હિંસામાં શારીકે ફંડિંગની સાથે હથિયારો મોકલ્યા હતા, ત્યારબાદ તેના સાગરિતોએ આ ઘટનાને અંજામ આપ્યો હતો. આ સિવાય સંભલ પોલીસના ઈન્ટેલિજન્સ વિભાગે વધુ પાંચ આતંકીઓની ઓળખ કરી છે જેઓ સંભલ સાથે સંબંધિત છે. પોલીસને આશંકા છે કે આ પાંચમાંથી કોઈએ સંભલની હિંસામાં વપરાયેલા હથિયાર અને પૈસા તેમને પહોંચાડ્યા હશે. પાંચ આતંકવાદીઓમાં બે મહત્વના નામ શાહિદ અખ્તર અને ઉસ્માન હુસૈન છે. તે જ સમયે, આજે ફરી એકવાર સંભલમાં હંગામો થવાનો છે કારણ કે એક તરફ સંભાલમાં એક પછી એક બાંધકામો ખોદવામાં આવી રહ્યા છે, ત્યારે આજે સમાજવાદી પાર્ટીનું એક પ્રતિનિધિમંડળ સંભલ પહોંચી રહ્યું છે. અખિલેશની સૂચના પર સપાના સાંસદો અને ધારાસભ્યોનું આ પ્રતિનિધિમંડળ આજે સંભલ હિંસામાં માર્યા ગયેલા લોકોના પરિવારોને મળશે.

# ખેડામાં નડિયાદમાં ગેસ રીફિલિંગ કૌભાંડમાં ગિરીશ પટેલની ધરપકડ

। નડિયાદ, તા.૩૦ ।

ખેડા જિલ્લામાં નડિયાદ ગેસ રીફિલંગ કૌભાંડનો એલસીબીએ પર્દાફાશ કર્યો છે. આ અંગે પુરવઠા વિભાગ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આરોપી પોતાના મકાન પાસે ઓરડીમાં ગેસ ભરી આપતો હતો. આરોપી ગેસની બોટલોમાં જોઈએ તેટલો ગેસ ભરી આપતો હતો. જિલ્લા પુરવઠા વિભાગે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.ગેસની બોટલો સહિત ૨.૩૧ લાખનો મુદ્દામાલ આ અંગે જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે આરોપીને પકડીને વધુ તપાસ હાથ ધરી છે. નડિયાદના ડીવાયએસપી વી આર બાજપાઈએ જણાવ્યું હતું કે નડિયાદ પશ્ચિમ વિસ્તારમાંથી ખેડા એલસીબીએ ગેસની બોટલને રીફિલિંગ કરી વેચવાનું કૌભાંડ ઝડપ્યું હતું.પુરવઠા વિભાગ અને પોલીસ સાથે રહીને સોસાયટી વિસ્તારમાં ગેસ રીફિલિંગ કરવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya